**એફ નંબર ૩-૬/૨૦૧૭ એસ.સી.એચ**

**ભારત સરકાર**

**દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ**

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય**

**પાંચમો માળ, બી વિંગ, પંડિત દીનદયાલ અંત્યોદય ભવન સી.જી.ઓ સંકૂલ**

**નવી દિલ્હી ૧૧0003**

**તા. ૩ જૂલાઈ, ૨૦૧૮**

## કચેરી યાદી

વિષય :- **કેન્દ્રીય ક્ષેત્રની એકછત્રીય શિષ્યવૃત્તિ યોજના 'દિવ્યાંગ વિધાર્થીઓ માટે શિષ્યવૃત્તિઓ'**

નીચે સહી કરનાર સૂચના અનુસાર જણાવે છે કે દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગે નીચે જણાવેલ છ શિષ્યવૃત્તિની યોજનાઓને તારીખ ૦૧/૦૪/૨૦૧૮ થી "દિવ્યાંગજન વિધાર્થીઓ માટેની શિષ્યવૃત્તિઓ" તે શીર્ષક હેઠળ એકછ્ત્રીય શિષ્યવૃત્તિ યોજનામાં ભેળવી દીધેલ છે.

(૧) દિવ્યાંગ વિધાર્થીઓ માટે પ્રીમેટ્રિક શિષ્યવૃત્તિ

(૨) દિવ્યાંગ વિધાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ

(૩) દિવ્યાંગ વિધાર્થીઓ માટે ઉચ્ચકક્ષાનું શિક્ષણ

(૪) દિવ્યાંગ વિધાર્થીઓ દરિયાપારની રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ

(૫) દિવ્યાંગ વિધાર્થીઓ માટે રાષ્ટ્રીય અધ્યેતા – વૃત્તિ

(૬) દિવ્યાંગ વિધાર્થીઓ માટે નિ:શૂલ્ક અનુશિક્ષણ

૩) એકછ્ત્રીય શિષ્યવૃત્તિ યોજના "દિવ્યાંગ વિધાર્થીઓ માટેની શિષ્યવૃત્તિ યોજના" અન્ય શરતો અને બોલીઓ તેમજ પાત્રતાની શરતો નાણાકીય મદદનો લાભ વિગેરે ધરાવતી યોજનાની વિગતવાર યોજનાકીય માર્ગદર્શિકા આ સાથે સામેલ છે. આ વિભાગની વેબસાઈટ www.disability.affairs.gov.in પર પણ આ યોજના મૂકવામાં આવેલ છે.

૪) યોજનાની આ માર્ગદર્શક સૂચનાઓનો મહત્તમ સંખ્યામાં દિવ્યાંગ વિધાર્થીઓ આ યોજનાની લાભ લઇ શકે તે માટે દરેક મધ્યસ્થીઓને લાભાર્થીઓમાં પરિપત્રિત કરવા વિનંતી કરવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ

**(એસ.કે. મહેતા)**
**ભારત સરકારના ઉપસચિવ**
**ટેલીફોન નંબર**
**૨૪૩૬૯૦૨૭**

**પ્રતિ,**

૧) સર્વ રાજ્યો અને કેન્દ્ર શાષિત પ્રદેશોના સંબંધિત વિભાગોના સચિવશ્રીઓ / અગ્ર સચિવશ્રી

૨)  માન્ય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવ / રાજ્ય કક્ષાના મંત્રી (કે.પી) ના અંગત સચિવ માનનીય રાજ્ય કક્ષાના માનનીય રાજ્ય કક્ષાના મંત્રી (આર.એ) ના અંગત સચિવ.

૩)  સચિવશ્રીના પી.એસ.ઓ (ડી.ઈ.પી ડબલ્યુ) સંયુક્ત સચિવ (પી.એસ)ના અંગત સચિવ / સંયુક્ત સચિવ (D.C) ના અંગત સચિવ સંયુક્ત સચિવ અને નાણાકીય સલાહકાર D.E.P.W.D ના અંગત સચિવ

૪)  નિયામક (I.F.D.) ના અંગત સચિવ / બધાજ નિયામકો / નાયબ સચિવો DEP WD

૫)  ઉપસચિવ (વહીવટ) યોજનાને વેબસાઈટપર મુકાવવાની વ્યવસ્થા કરવા માટે

૬)  DEP WD હેઠળ સંસ્થાના વડા

૭)  નીતી આયોગ નવી દિલ્હીના સલાહકાર

૮)  પંડિત દીનદયાલ અંત્યોદય ભવન નવી દિલ્હીના PMAO / DEP WD

## દિવ્યાંગ વિધાર્થી માટેની કેન્દ્રીય ક્ષેત્ર યોજનાઓ

## તા. ૦૧/૦૪/૨૦૧૮ થી અસર

## દિવ્યાંગજન અધિકારીતા વિભાગ

## સમાજીક ન્યાય અને અધિકારિતા મંત્રાલય ભારત સરકાર

## “દિવ્યાંગ વિધાર્થી માટેની કેન્દ્રીય શિષ્યવૃત્તિ ક્ષેત્રની એક છત્રીય યોજના વિગતો

| ક્રમ | મુદ્દો | પાનાં નંબર |
|---|---|---|
| ૧ | પરિચય | |
| ૨ | પાત્રતાની શરતો | |
| ૩ | વાલી/માતા પિતાની વાર્ષિક આવક | |
| ૪ | બાલિકા વિધાર્થી માટે અનામત સમયગાળા | |
| ૫ | અમલીકરણ કરનાર સંસ્થા | |
| ૬ | યોજનાનો પ્રચાર અને અરજી આવકારવી | |
| ૭ | વહીવટી ખર્ચાઓ | |
| ૮ | ખોટી માહિતી | |
| ૯ | યોજના ક્ષેત્ર | |
| ૧૦ | કાનૂની બાબતો | |
| ૧૧ | યોજનાની જોગવાઈમાં ફેરફાર | |
| ૧૨ | યોજનાની સમીક્ષા | |
| ૧૩ | દિવ્યાંગ વિધાર્થીઓ માટે પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ | |
| | ૧૩.૧) હેતુઓ | |
| | ૧૩.૨) શિષ્ય વૃત્તિઓની સંખ્યા | |
| | ૧૩.૪) પાત્રતાની શરતો | |
| | ૧૩.૫) શિષ્યવૃત્તિની રકમ | |
| | ૧૩.૫.૧) શિષ્યવૃત્તિનો દર | |
| | ૧૩.૫.૨) પુસ્તક સહાય | |
| | ૧૩.૫.૩) અશક્તતા ભથ્થા | |

| | | |
|---|---|---|
| | ૧૩.૬) અરજી કરવાની પધ્ધતિ અને પસંદગી | |
| | ૧૩.૭) શિષ્યવૃત્તિ વહેંચણીની રીત | |
| | ૧૩.૮) દેખરેખ | |
| ૧૪ | દિવ્યાંગ વિધાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ | |
| | ૧૪.૧) હેતુઓ | |
| | ૧૪.૨) વ્યાપ | |
| | ૧૪.૩) શિષ્યવૃત્તિની સંખ્યા | |
| | ૧૪.૪) પાત્રતાની શરતો | |
| | ૧૪.૫) શિષ્યવૃત્તિની રકમ | |
| | ૧૪.૫.૧) નિભાવ ભથ્થું | |
| | ૧૪.૫.૨) અશક્તતા ભથ્થું | |
| | ૧૪.૫.૩) પરત ન મળે તેવી ફરજિયાત ફી નું મજરે મળવું | |
| | ૧૪.૫.૪) પુસ્તક ભથ્થું | |
| | ૧૪.૬) સામાન્ય શરતો | |
| | ૧૪.૭) પુરસ્કારની સમયાવધિ અને નવીનીકરણ | |
| | ૧૪.૮) અન્ય શરતો | |
| | ૧૪.૯) અરજી કરવાની પધ્ધતિ | |
| | ૧૪.૧૦) શિષ્યવૃત્તિ વહેંચવાની રીત | |

| | | |
|---|---|---|
| | ૧૪.૧૧) દેખરેખ | |
| ૧૫ | (DEPWDદ્વારા નિર્દિષ્ટ સંસ્થાઓ, અનુસ્નાતક/સ્નાતક ડિગ્રી/ડિપ્લોમા માટે) ઉચ્ચ કક્ષાનું શિક્ષણ | |
| | ૧૫.૧) હેતુઓ | |
| | ૧૫.૨) સમયગાળાની સંખ્યા | |
| | ૧૫.૩) નાણાકીય સહાયની માત્રા | |
| | ૧૫.૪) ઉત્તમતાની સંખ્યા | |
| | ૧૫.૫) પારિતોષિકોની સમયાવધિ અને નવીનીકરણ | |
| | ૧૫.૬) અન્ય શરતો | |
| | ૧૫.૭) દેખરેખ અને સમીક્ષા | |
| ૧૬. | EWDS માટે રાષ્ટ્રીય વૃત્તિ અદ્યતા ભારતીય વિશ્વ વિદ્યાલયોમાં એમ.ફિલ/પી.એચ.ડી માટે | |
| | ૧૬.૧) વ્યાપ | |
| | ૧૬.૨) હેતુઓ | |
| | ૧૬.૩) પાત્રતાની શરતો | |
| | ૧૬.૪) અધ્યાતાની વૃત્તિની સંખ્યા | |
| | ૧૬.૫) અધ્યતા વૃતિ સમયાવધિ | |
| | ૧૬.૬ અધ્યતાનો દર | |
| | ૧૬.૭ શ્રેષ્ઠ સંશોધન અધ્યતા વૃત્તિ માટે પાત્રતા | |

| | | |
|---|---|---|
| | ૧૬.૮ EFPDD હેઠળ શિષ્યવૃત્તિ આપવાની પધ્ધતિ | |
| | ૧૬.૯) UGCની ભૂમિકા | |
| | ૧૬.૧૦) DEPWD ની ભૂમિકા | |
| | ૧૬.૧૧) મૂલ્યાંકન અને દેખરેખ | |
| ૧૭. | રાષ્ટ્રીય દરિયાપારની શિષ્યવૃત્તિ વિદેશી વિશ્વ વિધાલયો અનુસ્નાતક પદવી અને PHD માટે | |
| | ૧૭.૧) હેતુઓ | |
| | ૧૭.૨) શિષ્યવૃત્તિની સંખ્યા | |
| | ૧૭.3 )ન્યૂનતમ લાયકાત | |
| | ૧૭.૪)ઉંમર | |
| | ૧૭.૫) આવક મર્યાદા | |
| | ૧૭.૬)એક વખતનું પરીતોષિત | |
| | ૧૭.૭)નાણાકીય સહાય | |
| | ૧૭.૭.૧)વાર્ષિક નિભાવ ભથ્થા | |
| | ૧૭.૭.૨) વાર્ષિક,આકસ્મિક ભથ્થાની માત્રા | |
| | ૧૭.૮) પ્રાસંગિક મુસાફરી ભથ્થું | |
| | ૧૭.૯) સાધન સહાય | |
| | ૧૭.૧૦) ચૂંટણી ખર્ચ | |
| | ૧૭.૧૧) વિઝા ફી | |
| | ૧૭.૧૨) ફી | |

| | | |
|---|---|---|
| | ૧૭.૧૩)તબીબી વિમાનું પ્રિમિયમ | |
| | ૧૭.૧૪)હવાઈ મુસાફરીનું મૂલ્ય | |
| | ૧૭.૧૫)સ્થાનિક મુસાફરી | |
| | ૧૭.૧૬)સંશોધન / શિક્ષણ સહાય માંથી આવક | |
| | ૧૭.૧૭)આર્થિક મદદ સાથે પારિતોષિકની સમયાવધિ | |
| | ૧૭.૧૮) પસંદગી પધ્ધતિ | |
| | ૧૭.૧૯)પ્રવાસ અનુદાન | |
| | ૧૭.૨૦)શિષ્યવૃત્તિની રકમનું વિતરણ | |
| | ૧૭.૨૧)યોજના હેઠળ ભંગ | |
| | ૧૭.૨૨) ખોટી માહિતી પૂરી પાડવી | |
| | ૧૭.૨૩)ફરજિયાત શરતો | |
| ૧૮. | દિવ્યાંગ વિધાર્થીઓને ની:શૂલ્ક અનુ શિક્ષણ (સરકારી નોકરીઓ માટે અને તાંત્રિક અને વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અને કેન્દ્ર કે રાજ્ય સરકારના જાહેર સેવાના આયોગ દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવા માટે | |
| | ૧૮.૧) હેતુઓ | |
| | ૧૮.૨)અનુ શિક્ષણ માટેના અભ્યાસક્રમો | |
| | ૧૮.૨) અમલીકરણ કરતી સંસ્થાઓ આવક મર્યાદા | |

| | | |
|---|---|---|
| | ૧૮.૪)અનુ શિક્ષણ આપતી સંસ્થા | |
| | ૧૮.૫) અનુ શિક્ષણ આપતી સંસ્થાઓની યાદી પર મૂકવામાં માટે પાત્રતાનું ધોરણ | |
| | ૧૮.૬) સંસ્થાઓની પસંદગી | |
| | ૧૮.૭) ભંડોળ ફાળવણીની રીત | |
| | ૧૮.૮) અનુ શિક્ષણ ફી નો જથ્થો | |
| | ૧૮.૯) ઉમેદવારોની પસંદગી અને પાત્રતાનું ધોરણ | |
| | ૧૮.૧૦) વૃત્તિકા | |
| | ૧૮.૧૧) સામાન્ય જોગવાઈઓ | |
| | ૧૮.૧૨) દેખરેખ અને દેખાવની સમીક્ષા | |
| | ૧૮.૧૩) ખોટી માહિતી પૂરી પાડવી | |

**જોડાણો :-**

૧) SWDS માટે ઉચ્ચ વર્ગની શિક્ષણ શિષ્યવૃત્તિ અને પ્રી-મેટ્રિક / પોસ્ટ મેટ્રિક માટે પ્રાપ્ય રાજ્ય અને કેન્દ્ર શાષિત અનુસાર સમય ગાળાઓ.

૨) શિક્ષણમાં નિર્દિષ્ટ ઉત્તમ સંસ્થાઓની યાદી

## ભારત સરકાર
## સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય
## દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ
## દિવ્યાંગ વિધાર્થીઓ માટે શિષ્યવૃત્તિની યોજના (૦૧/૦૪/૨૦૧૮)મી અસરથી

૧) પરિચય

૧.૧) બંધારણની કલમ-૪૧ ના ભાગ-૪ (રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો) માં જોગવાઈ છે કે અશક્તતા, માંદગી, વૃદ્ધાવસ્થા અને બેરોજગારીના કિસ્સામાં જાહેર સહાય અને કામ અને શિક્ષણનો હક મેળવવા માટે અને અયોગ્ય જરૂરિયાતોના કિસ્સામાં રાજ્ય સરકાર અસરકારક જોગવાઈ કરશે, દિવ્યાંગજનોના આર્થિક સામાજિક સશક્તિકરણમાં શિક્ષણ પાયાનો ભાગ ભજવે છે.

૧.૨) બંધારણની કલમ-૪૬ ના ભાગ-૪ (રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો) લોકોના વર્ગોના નબળા વર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતોને ખાસ કાળજી સાથે આગળ વધારવા રાજ્ય સરકારને ફરજ પાડે છે. એજ ભાગની કલમ-૩૮(૨) વિવિધ વ્યવસાયમાં જોડાયેલા લોકો અને વિવિધ વિસ્તારોમાં રહેતા લોકોના સમૂહમાં પણ આવકની અસમાનતા ઓછી કરવા અને સ્થિતિ, સગવડતા અને તકોમાં અસમાનતા દૂર કરવા રાજ્ય સરકારને ફરજ પાડે છે.

૧.૩) વધુમાં દિવ્યાંગજન હક અધિનિયમ ૨૦૧૬ (RPWD ની કલમ-૩૧એ, જણાવેછે કે,"બાળકોના નિશુલ્ક અને ફરજીયાત શિક્ષણ અધિનિયમ,૨૦૦૯ માં ગમે તે જણાવ્યું હોય તે છતાં ૬ થી ૧૮ વર્ષની વયના નોંધપાત્ર અશક્તતા

ધરાવતા દરેક બાળકને તેની પસંદગી મુજબની ખાસ શાળામાં કે નજીકની શાળામાં નિઃશુલ્ક શિક્ષણનો હક રહેશે.

૧.૪) વધુમાં RPWD ની અધિનિયમની કલમ-૩૨ (૨) જણાવે છે કે સમુચિત સરકાર અને સ્થાનિક સત્તાઓ તે સુનિશ્ચિત કરશે કે નોંધપાત્ર અશક્તતા વાળા દરેક બાળકને તે ૧૮ વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી તેને યોગ્ય વાતાવરણમાં નિશુલ્ક શિક્ષણ પ્રાપ્ત થાય છે.

૧.૫) આ આદેશો પરિપૂર્ણ કરવા ભારત સરકારના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગે તારીખ. ૦૧/૦૪/૨૦૧૨ અને ૦૧/૦૪/૨૦૧૭ વચ્ચે દિવ્યાંગ વિધાર્થી માટે નીચે જણાવેલ છ શિષ્ય વૃત્તિની યોજના ચાલુ કરે છે.

૧) પ્રી-મેટ્રિક

૨) પોસ્ટ મેટ્રિક

૩) ઉચ્ચ કક્ષાનું શિક્ષણ

૪) રાષ્ટ્રીય દરિયાપારની શિષ્યવૃત્તિ

૫) દિવ્યાંગજનો માટે રાષ્ટ્રીય અધ્યતાવૃત્તિ અને દિવ્યાંગ વિધાર્થી માટે નિઃશુલ્ક અનુ શિક્ષણ, હવે એવું નક્કી કરવામાં આવ્યું છે કે આ છૂટી-છવાઈ યોજનાઓને “દિવ્યાંગ વિધાર્થીઓ માટેની શિષ્યવૃત્તિ” એ નામ હેઠળ સંચાલનની ક્ષમતા અને વધુમાં વધુ ભંડોળનો ઉપયોગ થાય તે માટે એકછત્રીય યોજના હેઠળ લાવવી.

૧.૬) ૨૦૧૬ના દિવ્યાંગજન હક અધિનિયમની અનુસૂચિ માં દર્શાવેલ અશક્તાઓ ધરાવતા વિધાર્થી DEPWD ની શિષ્યવૃત્તિ માટે પણ પાત્ર ઠરશે ૨૦૧૬ના અધિનિયમમાં નિર્દિષ્ટ અશક્તાઓમાં ૭ થી ૨૧ નો વધારો થયો છે. આ

કાયદામાં સમાવિષ્ટ કર્યા મુજબની નિર્દિષ્ટ અશક્તોની યાદી નીચે જણાવ્યા મુજબ છે.

| ક્રમ | દિવ્યાંગજન અધિનિયમ ૧૯૯૫ માં અશક્તાઓ | સુધારેલ દિવ્યાંગજન અધિનિયમ ૨૦૧૬મા અશક્તઓ |
|---|---|---|
| ૧ | અંધત્વ | અંધત્વ |
| ૨ | ઝાંખી દ્રષ્ટિ | ઝાંખી દ્રષ્ટિ |
| 3 | રક્તપિત્ત મુક્ત | રક્તપિત્ત મુક્ત વ્યક્તિ |
| ૪ | સાંભળવાની અક્ષમતા | સાંભળવાની અક્ષમતા (બંધીર) અને સાંભળવાની તકલીફ) |
| ૫ | ચાલવાની અક્ષમતા | ચાલવાની અક્ષમતા |
| ૬) | મંદબુદ્ધિ | બૌધ્ધિક અક્ષમતા |
| ૭) | માનસિક બીમારી | માનસિક બીમારી |
| ૮ | | ઓટીઝમ |
| ૯) | | સેરીબ્રલપાલસી |
| ૧૦) | | સ્નાયુ નબળાઈ |
| ૧૧) | | લાંબા સમયની જ્ઞાનતંતુની નબળાઈ |
| ૧૨) | | શીખવાની ચોક્કસ અક્ષમતા |
| ૧૩) | | મલ્ટીપલસ્કેલોસીસ |
| ૧૪) | | ભાષા અને બોલવાની અક્ષમતા |
| ૧૫) | | થેલોસેમિયા |

| | | |
|---|---|---|
| ૧૬) | | હિમોફેલીયા |
| ૧૭) | | શિકલ સેલ રોગ |
| ૧૮) | | બહુવિધ અક્ષમતા બધિરતા અંધત્વ સાથે |
| ૧૯) | | એસીડ હુમલાનો શિકાર |
| ૨૦) | | પારકીનસંસ રોગ (ધ્રુજારી રોગ) |
| ૨૧) | | ઠીંગણાપણું |
| ૧.૭) | ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં ૨.૬૮ કરોડ વ્યક્તિઓ અશક્તતા ધરાવતી હતી જેઓ કૂલ વસ્તીના ૨.૨૨% ધરાવતા હતા આ વ્યક્તિમાં અન્ય અશક્તાઓ તેમજ દ્રષ્ટિ, સાંભળવાની, બોલવાની, ચાલવાની અને મંદબુદ્ધિ ધરાવતી વ્યક્તિમાં સમાવેશ થાય છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર અશક્તાના પ્રકાર મુજબ ભારતમાં દિવ્યાંગોની વિગતો નીચે મુજબ છે. | |

**૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ દિવ્યાંગ જનોની સમસ્યા**

| દિવ્યાંગોનો પ્રકાર | વસ્તી (કરોડમાં) | ટકાવારી |
|---|---|---|

| | | |
|---|---|---|
| ચાલવાની | ૦.૫૫ | ૨૦% |
| દ્રષ્ટિની | ૦.૫૦ | ૧૯% |
| સાંભળવાની | ૦.૫૧ | ૧૯% |
| બોલવાની | ૦.૨૦ | ૦.૭% |
| મંદબુદ્ધિ | ૦.૧૫ | ૦.૬% |
| માનસિક બીમાર | ૦.૦૭ | ૦.3% |
| બહુવિધ | ૦.૨૧ | ૦.૮% |
| અન્ય દિવ્યાંગતાઓ | ૦.૪૯ | ૧૮% |
| કૂલ | ૨.૬૮ | ૧૦૦% |

.

૧.૮) પ્રી-મેટ્રિક, પોસ્ટ મેટ્રિક અને ઉચ્ચ કક્ષાના શિક્ષણમાં સમય ગાળાની વહેંચણી બધાજ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં દિવ્યાંગ જનોની વસ્તીની ટકાવારીને આધારે અથવા ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ દિવ્યાંગ જનોની કૂલ વસ્તી સરખામણીમાં આધારે કરવામાં આવે છે. જોકે અન્યથા યોગ્ય હશે તો હવે પછીની વસ્તી ગણતરી સુધી સુધારેલ દિવ્યાંગજન અધિનિયમમાં સમાવેશ કરેલ નવી અશક્તતા ધરાવતા વિધાર્થીઓને પણ વિચારણામાં લેવામાં આવશે.

**૧.૯) નીચે જણાવ્યા મુજબ "દિવ્યાંગ વિધાર્થી માટેની શિષ્ય વૃત્તિની એક છ્ત્રીય યોજનાના છ વિભાગો છે.**

૧) દિવ્યાંગ વિધાર્થી માટે પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિ (ધોરણ ૯ અને ૧૦)

૨) દિવ્યાંગ વિધાર્થી માટે પોસ્ટ, મેટ્રિક શિષ્યવૃત્તિ (ધોરણ ૧૧ થી અનુસ્નાતક ડિગ્રી/ડિપ્લોમા)

૩) દિવ્યાંગ વિધાર્થી માટે ઉચ્ચ કક્ષાનું શિક્ષણ (શિક્ષણમાં નિર્દેશ કરાયેલી ઉત્તમ સંસ્થાઓમાં અનુસ્નાતક અને સ્નાતક/ડિપ્લોમા/માટે )

૪) રાષ્ટ્રીય દરિયાપારની શિષ્યવૃત્તિ (વિદેશના વિશ્વ વિદ્યાલય માં અનુસ્નાતક વિધાર્થી માટે)

૫) દિવ્યાંગજનો માટે રાષ્ટ્રીય અધ્યેય્વૃત્તી (ભારતીય વિશ્વ વિધાયાલાયોમાં એમ.ફિલ અને પી.એચ.ડી. માટે)

૬) દિવ્યાંગ વિધાર્થી માટે નિઃશુલ્ક અનુ શિક્ષણ (ગ્રુપ-એ અને ગ્રુપ-બી માટે ભરતી પરીક્ષા માટે અને તાંત્રિક અને વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ પરીક્ષા માટે. )

**૨) પાત્રતાની શરતો**

**યોજનાના દરેક ભાગોમાં પાત્રતાની સામાન્ય શરતો નીચે મુજબ છે.**

૧) શિષ્ય વૃત્તિ માત્ર ભારતીય નાગરિકો માટે જ ખુલ્લી છે.

૨) બધી જ શિષ્યવૃત્તિ ૪૦% થી વધુ અશક્તતા ધરાવતા વિધાર્થી જેઓ સક્ષમ સત્તા દ્વારા નિયમો નીચે નિયત કરાયેલ અશક્તતા પ્રમાણપત્ર ધરાવતા હોય તેઓને લાગુ પડે છે. અશક્તતા દિવ્યાંગજન અધિકાર અધિનિયમ, ૨૦૧૬ માં કરેલ વ્યાખ્યા પ્રમાણેની છે.

૩) એક જ માં-બાપના બે થી વધુ દિવ્યાંગ બાળકોને યોજનાના લાભો મળવાપાત્ર થશે નહિ.

પરંતુ જો બીજું બાળક જોડિયું હશે તો આ યોજના હેઠળ બંને જોડિયા બાળકોને શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

૪) કોઈ પણ વર્ગમાં ભણવા માટે શિષ્યવૃત્તિ માત્ર એક વર્ષ માટે મળવાપાત્ર થશે, જો વિદ્યાર્થી તેજ વર્ગનું પુનરાવર્તન કરતો તે હશે તો તે જ વિદ્યાર્થીને બીજા વર્ષે શિષ્યવૃત્તિ મળશે નહિ.

૫) આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ ધરાવનાર બીજી કોઈ શિષ્યવૃત્તિ /વૃતીકા ધરાવશે નહિ, જો અન્ય કોઈ શિષ્યવૃત્તિ / કે વૃતીકા આપવામાં આવશે તો વિદ્યાર્થી બેમાંથી એક શિષ્યવૃત્તિ/વૃતીકા માટે કે જે વધુ લાભકારક હોય તેને માટે વિકલ્પ આપી શકે અને આપેલ વિકલ્પ અંગે સંસ્થાના વડા મારફતે શિષ્યવૃત્તિ આપનાર સંસ્થાને જાણ કરવી જોઇશે જે તારીખ થી તે/તેણી અન્ય શિષ્યવૃત્તિ કે વૃત્તિકા સ્વીકારે તે તારીખથી આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે નહિ. આમ છતાં વિદ્યાર્થી આ યોજના હેઠળ ચૂકવાયેલ શિષ્યવૃત્તિની રકમ ઉપરાંત રહેવા-જમવાના ખર્ચને પહોંચી વળવા માટે, સાધનો કે પુસ્તકો ખરીદવા માટે, રાજ્ય સરકાર કે અન્ય કોઈ સ્ત્રોત પાસેથી નિઃશુલ્ક રહેઠાણ કે હંગામી આર્થિક સહાય મેળવી શકશે.

૬) કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર પાસેથી આર્થિક સહાય સાથે કોઈ પણ પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રમાં અનુ-શિક્ષણ લેતા શિષ્યવૃત્તિ ધારકો અનુ શિક્ષણ કાર્યક્રમની અવધિ માટે અનુ શિક્ષણ યોજનાઓ હેઠળ વૃત્તિકા મેળવવા માટે પાત્ર બનશે નહિ.

3) માતા-પિતા / વાલીઓની વાર્ષિક આવક પ્રી-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ એવા વિદ્યાર્થીઓને ચુકવવામાં આવશે જેઓના માતા-પિતા કે વાલીના બધા સ્રોતોની વાર્ષિક આવક રૂ.૨.૫૦.૦૦૦ (રૂપિયા બે લાખ પચાસ હજાર) થી વધતી ન હોય.

ઉચ્ચ વર્ગનું શિક્ષણ રાષ્ટ્રીય દરીયાપાર શિષ્યવૃત્તિ અને દિવ્યાંગ વિધાર્થીઓ માટે નિશુલ્ક અનુશિક્ષણ એવા વિધ્યાર્થીને આપવામાં આવશે કે જેઓના માતા-પિતા કે વાલીની બધા સ્રોતોની વાર્ષિક આવક રૂપિયા ૬ લાખ થી વધતી ન હોય.

દિવ્યાંગજનો માટે રાષ્ટ્રીય અધ્યેતાવૃતિમાં વાર્ષિક આવકની કોઈ મર્યાદા નથી

**નોંધ:- ૧.**

જ્યાં સુધી બેમાંથી એક માતા-પિતા જીવિત હશે તો જે તે કિસ્સામાં માતા-પિતાની બધા જ સ્રોતો માંથી થતી આવક ધ્યાનમાં લેવાની રહેશે અને અન્ય કમાતા સભ્યોની આવક ધ્યાનમાં લેવામાં આવશે નહિ. આવક જાહેર કરવાના પત્રકમાં આના આધારે જ આવક જાહેર કરવાની છે. જ્યાં બંને માતા-પિતા મૃત્યુ પામ્યા હોય તેવા કિસ્સામાં વિધાર્થીને તેના અભ્યાસમાં મદદ કરનાર વાલીની આવક ધ્યાને લેવાની છે. આવા વિધાર્થી જેના માતા-પિતાની આવક કમાતા માતા\-પિતાના અચાનક અવસાનથી અસર પામેલ હોય અને પરિણામે આ યોજના હેઠળ નિયત કરેલ આવક મર્યાદા હેઠળ આવતા હોય તેઓ આવો અણધાર્યો બનાવ બન્યા ના મહિનાથી પાત્રતાની અન્ય શરતોને પરિપૂર્ણ કરવાને આધીન શિષ્યવૃત્તિ માટે પાત્ર બનશે. આવા વિધાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની અરજી છેલ્લી તારીખ વીતી જવા છતાં રહેમરાહે વિચારણામાં લઇ શકાશે.

નોંધ:- ૨.

. આવકનું પ્રમાણપત્ર એકજ વાર મેળવવું જરૂરી છે એટલે કે એક વર્ષ કરતા વધુ સમય માટે ચાલુ રહેતા અભ્યાસક્રમોમાં પ્રવેશના સમયે.

૪) બાલિકા વિધાર્થીઓ માટે અનામત પ્રી-મેટ્રિક, પોસ્ટમેટ્રિક અને ઉચ્ચવર્ગના શિક્ષણ માટેની દર વર્ષે પ્રાપ્ત થતી કૂલ શિષ્યવૃત્તિના ૫૦% બાલિકા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવશે. રાષ્ટ્રીય દરિયાપારની શિષ્યવૃત્તિમાં શિષ્યવૃત્તિઓના ૩૦% મહિલા વિધાર્થીઓ માટે અનામત રહેશે. આમ છતાં પૂરતી સંખ્યામાં બાલિકા ઉમેદવારો યોજનાની બોલીઓ અને શરતો પ્રમાણે ન મળે કે પાત્ર ન ઠરે તેવા કિસ્સામાં વણ વપરાયેલ શિષ્યવૃત્તિઓ યોગ્ય પુરુષ ઉમેદવારો પસંદ કરીને ઉપયોગમાં લઇ શકાશે.

૫) અમલીકરણ કરનાર સંસ્થા –દિવ્યાંગ વિધાર્થી માટે પ્રી-મેટ્રિક, પોસ્ટ મેટ્રિક અને ઉચ્ચ વર્ગના શિક્ષણની શિષ્યવૃત્તિઓ રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોસ્ટલ (એન.એસ.પી) મારફતે અમલી બને છે અને શિષ્યવૃત્તિની રકમ સીધે સીધી PFMS પોર્ટલ મારફતે લાભાર્થીને મળે છે. દિવ્યાંગ વિધાર્થી માટે રાષ્ટ્રીય વૃત્તિ યુ.જી.સી પોર્ટલ મારફતે અમલી બને છે. અને યોજનાના અમલીકરણ માટે દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ મધ્યસ્થીઓની પસંદગી માટે UGC જવાબદાર રહેશે અને DEPWD / UGS એ નિશ્ચિત કરેલા લાભાર્થીઓને ભંડોળની વહેંચણી કરવા માટે જવાબદાર રહેશે. કેનેરા બેંક મારફતે લાભાર્થીના બેંક ખાતામાં અધ્યતાવૃતિની રકમ જમા કરવામાં આવશે.

દિવ્યાંગ વિધાર્થી માટેની રાષ્ટ્રીય દરિયાપાર શિષ્યવૃત્તિ અને દિવ્યાંગ વિધાર્થી માટે નિઃશુલ્ક અનુ શિક્ષણ DEPD મારફતે અમલી બને છે, અને EFMS મારફતે શિષ્યવૃત્તિની રકમ લાભાર્થીના બેંક ખાતામાં જમા થાય છે.

### ૬) યોજનાનો પ્રચાર અને અરજીઓ આવકારવી

યોગ્ય સમયે યોજનાની જાહેરાત કરવામાં આવશે અને લક્ષિત સમૂહોના ધ્યાન પર લાવવા માટે માધ્યમો અને વેબસાઇટ મારફતે યોગ્ય રીતે પ્રકાશિત કરવામાં આવશે.

### ૭) વહીવટી ખર્ચાઓ

યોજનાના અમલીકરણ માટે વિભાગમાં યોજના ચાલુ કરવા માટે માનવશક્તિ રોકવામાં વહીવટી ખર્ચાઓ થાય છે. એકઠી કરવાની માહિતી અને તેની પ્રક્રિયા વિશાલ હોઈ અને વર્ષો દરમિયાન યોજના અમલી બનતી હોઈ શરૂઆતથી જ માહિતીનો આધાર કમ્પ્યુટર પધ્ધતિથી ચાલુ કરવાનો હોય, કુશળ અને લાયકાત ધરાવતી વ્યક્તિઓને રોકવાની જરૂર પડે છે. ઉપરોક્ત ખર્ચા તેમજ યોજનાના અમલીકરણ અંગેના પ્રાસંગિક ખર્ચાઓને પહોંચી વળવા કૂલ અંદાજપત્રના ત્રણ ટકાથી વધે નહિ તેવી જોગવાઈ વહીવટી ખર્ચા માટે કરવામાં આવશે.

### ૮) ખોટી માહિતી પૂરી પાડવી

જો કોઈ ઉમેદવારે ખોટી માહિતી કે દસ્તાવેજ પૂરા પાડેલ હોય અને તે ખોટા સાબિત થાય તો તે/તેણીને પ્રાપ્તિ માંથી બાકાત કરવામાં આવશે અને જો તે કે તેણીએ તે મેળવી હોય કે મેળવનાર હોય તો વપરાયેલ રકમ ૧૫% ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વસૂલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારને ભવિષ્ય માટે કાળી યાદીમાં મૂકવામાં આવશે અને ઉમેદવાર સામે યોગ્ય કાનૂની પગલાં પણ લેવામાં આવશે.

### ૯) યોજનાનો ક્ષેત્ર વિસ્તાર

યોજનાનો હેતુ પસંદ કરેલ ઉમેદવારને શિક્ષણ મેળવવા માટે નક્કી કરેલ નાણાકીય મદદ પૂરી પાડવાનો છે. યોજના શિષ્યવૃત્તિ મેળવનારના રોજગારની પાસાને આવરી લેતી નથી અને તેને કોઈપણ જાતની મદદ કોઈ જગ્યાએ નોકરી મેળવવામાં તે કે તેણીએ શિષ્યવૃત્તિ મેળવ્યા બાદ કરતી નથી.

**૧૦) કાનૂની કાર્યવાહી**

આ યોજના માંથી ઉદભવતી કોઈ કાનૂની કાર્યવાહી દિલ્લીની નેશનલ કૅપિટલ ટેરીટરીમાં આવેલ અદાલતના સંપૂર્ણ ક્ષેત્ર અધિકારને આધીન રહેશે.

**૧૧) યોજનાની જોગવાઈઓમાં ફેરફાર**

દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ ભારત સરકાર પોતાની વિવેક બુદ્ધિ અનુસાર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સચિવની સંમતિ સંબંધિત નાણાકીય સલાહકારોના પરામર્શ માં મેળવીને વખતો વખત જરૂર પડે ત્યારે યોજનાની જોગવાઈઓમાં જરૂરી ફેરફારો કરી શકે.

**૧૨) યોજનાની સમીક્ષા**

દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ જયારે-જયારે જરૂર પડે ત્યારે સ્વ વિવેક અનુસાર સમીક્ષા હાથ ધરી શકે

યોજનાના વિવિધ વિભાગોની વિવિધ માર્ગદર્શક સૂચનાઓ નીચે આપ્યા મુજબ છે.

**૧૩) દિવ્યાંગ વિધાર્થીઓ માટે પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિ**

**૧૩) હેતુઓ**

એ) દિવ્યાંગ વિધાર્થીઓને તેમના આગળના અભ્યાસમાં મદદ કરવી અને તેઓને સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન મેળવવા તૈયાર કરવા, કારણ કે તેઓને શારીરિક, આર્થિક, મનોવૈજ્ઞાનિક અને માનસિક અડચણ નો

તેમના અભ્યાસમાં સામનો કરવો પડે છે ઘણી વખત આવા વિધાર્થીઓમાં તેમની ગર્ભિત કુશળતાઓ બહાર લાવવાની ઉણપ દેખાય છે અને તેને કારણે તેઓ તક ગુમાવે છે.

બી) દિવ્યાંગ વિધાર્થીઓને તેઓના ધોરણ-૯ અને ૧૦ થી આગળના અભ્યાસમાં મદદ કરવી જેથી અભ્યાસ છોડી દેવાના પ્રસંગો ખાસ કરીને પ્રાથમિકથી માધ્યમિકના તબક્કે ઘટાડી શકાય.

સી) દિવ્યાંગ વિધાર્થીઓ ધોરણ- ૯ અને ૧૦ માં ભાગ લે તેમાં વધારો કરવા અને પ્રી-મેટ્રિક તબક્કાના શિક્ષણમાં સુધારો કરવા.

૧૩.૨ શિષ્યવૃત્તિ ની સંખ્યા

એ) વર્ષ ૨૦૧૮-૧૯ ના વર્ષમાં પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિ મંજૂર કરવાની સંખ્યા ૨૦,૦૦૦ + નવીનીકરણ અને વર્ષ ૨૦૧૯-૨૦ માં ૨૫૦૦૦ + નવીનીકરણ હશે.

બી) ભારતમાં બધાં જ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં શિષ્યવૃત્તિ ની સંખ્યા ઉપર જણાવ્યા મુજબ વહેંચવામાં આવશે. ભારતની કૂલ દિવ્યાંગજન વસ્તીની સરખામણીમાં તે રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશની દિવ્યાંગજન વસ્તીની ટકાવારીને આધારે, જેતે રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશને, મળવાપાત્ર શિષ્યવૃત્તિઓની સંખ્યા નક્કી કરવામાં આવશે. દરેક રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશને ફાળવેલ શિષ્યવૃત્તિની સંખ્યા જોડાણ-૧ માં દર્શાવેલ છે.

પરંતુ જો કેન્દ્ર શાસિત પ્રદેશ કે રાજ્યને આ રીતે ફાળવેલ શિષ્યવૃત્તિની સંખ્યા પાત્ર ઉમેદવારને મળવાને કારણે સંપૂર્ણપણે વણ વપરાયેલ રહેશે તો તેવા કિસ્સામાં વણ વપરાયેલ સંખ્યા અન્ય રાજ્ય

કે કેન્દ્ર શાસિત પ્રદેશ, જ્યાં તેઓને ફાળવેલ સંખ્યા કરતા પાત્ર ઉમેદવારોની સંખ્યા ઘણી વધારે હશે ત્યાં તેમને ફાળવવામાં આવશે.

૧૩.૩ વ્યાપ.

આ યોજના હેઠળ વર્ગ ૯ અને ૧૦ માં અભ્યાસ માટે જ શિષ્ય વૃત્તિ મળવાપાત્ર થશે.

૧૩.૪ પાત્રતાની શરતો

તે કે તેણી કેન્દ્ર રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ, દ્વારા કે સરકાર દ્વારા માન્ય શાળા કે સરકારી શાળામાં વર્ગ-૯ કે ૧૦ માં નિયમિત પૂર્ણકાલીન વિધાર્થી હોવી જોઇશે.

૧૩.૫ શિષ્યવૃતિની રકમ

અભ્યાસક્રમના સંપૂર્ણ ગાળા માટે પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિની રકમમાં નીચેનાનો સમાવેશ થશે.

(૧) નિભાવ ભથ્થું

(૨) પુસ્તક સહાય

(૩) દીવ્યગતા ભથ્થું

૧૩.૪.૧. શિષ્યવૃત્તિનો દર

| વિગત | દિવસે ભણનાર વિધાર્થીઓ | છાત્રાલયમાં રહેનાર |
|---|---|---|
| એક શૈક્ષણિક વર્ષમાં ૧૨ માસ માટે નિભાવ ભથ્થાનો દર (દર માસ રૂ. માં | ૫૦૦ | ૮૦૦ |
| | | |

૧૩.૫.૨ પુસ્તક સહાય : વાર્ષિક રૂ. ૧૦૦૦/-

૧૩.૫.૩ દીવ્યગતા ભથ્થું : દીવ્યગતા સંદર્ભે વિવિધ પ્રકારના ભથ્થા નીચે મુજબ ચૂકવાશે.

| ક્રમ | દિવ્યાંગતાનો પ્રકાર | રકમ (રૂ.માં વાર્ષિક) |
|---|---|---|
| ૧. | દ્રષ્ટિ હીનતા | રૂ. ૪૦૦૦/- |
| ૨. | શ્રાવણ અક્ષમતા | રૂ. ૨૦૦૦/- |
| ૩. | શારીરિક અક્ષમતા | |
| ૪. | શારીરિક (ઓ.એચ) બૌદ્ધિક અક્ષમતા | રૂ. ૨૦૦૦/- |
| ૫. | ઉપર દર્શાવેલમાં સામેલ ન થતી અન્ય અક્ષમતા | રૂ. ૨૦૦૦/- |

૧૩.૪.અરજી કરવાની પદ્ધતિ અને પસંદગી

(એ) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, અન્ય માધ્યમો અને વેબસાઇટ મારફતે અને અગ્રણી અખબારોમાં જાહેરાત આપીને યોજનાની વિગતો જાહેર કરશે અને અરજી આવકારશે. અરજીઓ www.scholrships.gov.in એ વેબસાઇટ મારફતે મંગાવવામાં આવશે.

(બી) અરજી મોકલવાની નિયત કરેલ છેલ્લી તારીખ દરમિયાન અરજદારોએ તેમની અરજી ઓન લાઈન રજુ કરવી જોઇશે. બધા જ જરૂરી દસ્તાવેજો જેવા કે ફોટોગ્રાફ, ઉમેદવારનો પુરાવો, દિવ્યાંગતા પ્રમાણપત્ર, માતા-પિતાનું આવકનું પ્રમાણપત્ર શિક્ષણ ફીની પહોંચ છેલ્લી લાયકાતનું પ્રમાણપત્ર નિયત પત્રકમાં યોગ્ય રીતે ભરીને ઑનલાઇન પધ્ધતિ માં મૂકવા જોઈએ.

સી) જે સંસ્થામાં ઉમેદવાર અભ્યાસ કરતો હશે તે સંસ્થાએ પણ તેજ વેબસાઇટ પર નોંધણી કરાવવાની રહેશે, અને ઉમેદવારે પૂરી પાડેલ વિગતોની ચકાસણી કરવાની રહેશે. રાજ્ય સરકારે નિમેલ મધ્યસ્થ અધિકારી રાજ્ય સરકાર વતી અરજી તપાસશે અને તે અંગે કાર્યવાહી કરશે અને તે લાભાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ વહેંચવા પીએમએફએસ માં આખરી યાદીમાં ડીજીટલ સહી કરશે.

ડી) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા જે તે રાજ્યના સંબંધિત વિભાગના તે વિભાગને ફાળવેલ સંખ્યાને ધ્યાને લઇ કરવામાં આવેલ ભલામણોને આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

ભારતની કૂલ દિવ્યાંગજન વસ્તીની સરખામણીમાં તે રાજ્યની દિવ્યાંગજન વસ્તીની ટકાવારીને આધારે કોઈપણ રાજ્યને મળવાપાત્ર સંખ્યા નક્કી કરવામાં આવે છે.

ઈ) જો કોઈ ઉમેદવાર એક રાજ્યનો કાયમી નિવાસી હોય પરંતુ અન્ય રાજ્યમાં અભ્યાસ કરતો હોય તેવા કિસ્સામાં તેની અરજી તેના મૂળ રાજ્યના સંખ્યા હેઠળ ધ્યાનમાં લેવામાં આવશે અને તે જે રાજ્યનો કાયમી નિવાસી છે તે રાજ્યના શિક્ષણ/કલ્યાણ વિભાગની ભલામણ તેની અરજી માટે જરૂરી બનશે.

એફ) પસંદગી માટે ગુણવત્તા ધોરણ :

નીચેના પાસા ધ્યાનમાં લેવામાં આવશે.

૧. યોજનામાં જણાવ્યા મુજબ પાત્રતાની શરતોની પરિપૂર્ણતા
૨. રાજ્ય શિક્ષણ વિભાગની ભલામણ
૩. રાજ્યને પ્રાપ્ય સમયગાળાની સંખ્યા

૪. લાયકાત પરીક્ષામાં મેળવેલ ગુણની ટકાવારીના સંદર્ભમાં ઉમેદવારની ગુણવત્તા

ગુનાની ટકાવારીમાં ફેરફારના કિસ્સામાં દિવ્યાંગતાની ટકાવારી ધ્યાને લેવામાં આવશે. એટલે કે, દિવ્યાંગતાની વધુ ટકાવારી ધરાવનાર અગ્રતા મેળવશે, છતાં જો કોઈ ગાંઠ પડે તો ઉંમર ધ્યાને લેવામાં આવશે એટલે કે વધુ વય ધરાવનાર અગ્રતા મેળવશે.

૧૩.૭ શિષ્યવૃત્તિની વહેંચણીની રીત

શિષ્યવૃત્તિ યોજના રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ મારફતે અમલી બનશે અને દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા રકમ સીધે સીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા થશે.

૧૩.૮ એ) ઓન લાઈન પોર્ટલ યોજના પર દેખરેખ, દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ રાખશે.

બી) રાજ્ય સરકાર એ સુનિશ્ચિત કરશે કે લાભાર્થીઓને યાદી જરૂરી વિભાગો સાથે, જીલ્લા અને કક્ષા અનુસાર જાળવવામાં આવે છે.

૧૪. દિવ્યાંગજન વિધાર્થીઓ માટે પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિ

૧૪.૧ હેતુઓ :

એ) દિવ્યાંગ વિધાર્થીઓને તેમના આગળના અભ્યાસક્રમમાં મદદ કરવી અને તેઓની આજીવિકા મેળવવા તૈયાર કરવા અને તેઓને સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન મેળવવા તૈયાર કરવા કારણ કે તેઓને શારીરિક, આર્થિક, મનોવૈજ્ઞાનિક અને માનસિક અડચણ નો તેમના અભ્યાસમાં સામનો કરવો પડે છે. ઘણી વખત આવા

વિધાર્થીઓમાં તેમની ગર્ભિત કુશળતાઓ બહાર લાવવાની ઉપણ દેખાય છે અને તેને કારણે તેઓ તક ગુમાવે છે.

બી) દિવ્યાંગ વિધાર્થીઓને તેઓના ધોરણ- ૯ અને ૧૦ થી આગળના અભ્યાસક્રમમાં મદદ કરવી જેથી અભ્યાસ છોડી દેવાના પ્રસંગો ખાસ કરીને પ્રાથમિકથી માધ્યમિકના તબક્કે ઘટાડી શકાય.

સી) દિવ્યાંગ વિધાર્થીઓ ધોરણ-૯ અને ૧૦ માં ભાગ લે તેમાં સુધારો કરવા અને પ્રી-મેટ્રિક તબક્કાના શિક્ષણમાં સુધારો કરવા.

**૧૪.૨. વ્યાપ**

આ યોજના હેઠળ શિષ્યવૃત્તિઓ યુ.જી.સી. કે એ.આઈ.સી.ટી.ઈ માન્ય કોઈ વિશ્વ વિદ્યાલયના અનુસ્નાતક પદવી કે ડીપ્લોમા અને સ્નાતક પદવી કે ડિપ્લોમા અને પોસ્ટ મૅટ્રિક્યુલેશન ડિપ્લોમા કે પ્રમાણપત્ર અથવા ધોરણ- ૧૧- ૧૨ માં અભ્યાસ કરવા માટે પ્રાપ્ય થશે.

**૧૪.3. શિષ્યવૃત્તિઓની સંખ્યા**

એ) દર વર્ષે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ મંજૂર કરવાની સંખ્યા ૧૭૦૦૦ + નવીનીકરણ (સાત હજાર પૂરા)

બી)ભારતમાં બધા જ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં શિષ્યવૃત્તિઓની સંખ્યા ઉપર જણાવ્યા મુજબ વહેંચવામાં આવશે. ભારતની કૂલ દિવ્યાંગજન વસ્તીની સરખામણીમાં રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશની દિવ્યાંગજન વસ્તીની ટકાવારીના આધારે જેને રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશને મળવાપાત્ર શિષ્યવૃત્તિઓની સંખ્યા નક્કી કરવામાં આવે છે. દરેક રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશને ફાળવેલ શિષ્યવૃત્તિની સંખ્યા જોડાણ-૧ માં દર્શાવેલ છે.

પરંતુ જો કેન્દ્ર શાસિત પ્રદેશ કે રાજ્યને આ રીતે ફાળવેલ શિષ્યવૃત્તિની સંખ્યા પાત્ર ઉમેદવાર ન મળવાને કારણે સંપૂર્ણપણે વણ વપરાયેલ રહેશે તો તેવા કિસ્સામાં વણ વપરાયેલ સંખ્યા અન્ય રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશો જ્યાં તેઓને ફાળવેલ સંખ્યા કરતા પાત્ર ઉમેદવારોની સંખ્યા ઘણી વધારે હશે ત્યાં તેમને ફાળવાશે.

૧૪.3. પાત્રતાની શરતો

(૧) નીચેના અપવાદ સાથે માન્ય સંસ્થાઓમાં કરવામાં આવતા માન્ય મૅટ્રિક્યુલેશન પછીના અથવા માધ્યમિક પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરવા માટે આ શિષ્યવૃત્તિઓ આપવામાં આવશે.

"ખાનગી પાયલટ કરવાના અભ્યાસક્રમો, વિમાન જાળવણી ઇજનેરીના અભ્યાસ ક્રમો જેવા તાલીમી અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિઓ આપવામાં આવતી નથી. સૈનિક મહાવિદ્યાલય દહેરાદૂનમાં ચાલતા તાલીમ અભ્યાસક્રમો ડફરીન (હવે રાજેન્દ્ર) પર ચાલતા અભ્યાસક્રમો, રાજ્ય કક્ષાએ અને અખિલ ભારત કક્ષાએ પૂર્વ પરીક્ષા તાલીમમાં ચાલતા અભ્યાસક્રમો માટે પણ શિષ્યવૃત્તિઓ આપવામાં આવતી નથી, માત્ર એવાજ ઉમેદવારો

(૨) જેમણે મેટ્રિકની કે ઉચ્ચ માધ્યમિક કે અન્ય કોઈ ઉચ્ચ પરીક્ષા માન્ય વિશ્વવિદ્યાલય કે માધ્યમિક શિક્ષણ બોર્ડ માંથી પસાર કરી હોય તેઓ પાત્ર બનશે.

(3) આ યોજના હેઠળ અનુસ્નાતક પદવી, ડિપ્લોમા/પ્રમાણપત્ર કક્ષાના અભ્યાસક્રમો પણ આવરી લેવાયા છે.

(૪) ઉમેદવારો કે જેઓ શિક્ષણનો એક તબક્કો પસાર કર્યા બાદ તેજ તબક્કામાં અન્ય વિષયમાં અભ્યાસ કરે દાખલા તરીકે અન્ય વિષયમાં B.A પછી B.com કરે તો તેઓ પાત્ર બનશે નહિ. આમ છતાં B.A/B.S.C/B.E પાસ કર્યા બાદ L.L.B/Bed/BE કરતા વિધાર્થીઓનું આ યોજના હેઠળ મેટ્રિક પછીની શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે

(૬) વિવિધ લક્ષી હાઈસ્કૂલના ધોરણ-૧૨ ના વર્ગમાં અભ્યાસ કરતા વર્ગ-૧૧ ના ઉચ્ચ માધ્યમિક શાળાના વિધાર્થીઓ તે અભ્યાસક્રમ સતત શાળા અભ્યાસક્રમ હોવાથી પાત્ર થશે નહિ. આમ છતાં જ્યાં આવા અભ્યાસક્રમોની ૧૦ માં ધોરણની પરીક્ષા મેટ્રિક સમકક્ષ ગણવામાં આવે અને ૧૦ માં ધોરણની પરીક્ષા પાસ કર્યા બાદ અન્ય અભ્યાસ ક્રમમાં જોડાય તો તેવા વિધાર્થીઓને પોસ્ટ મેટ્રિક વિધાર્થી ગણવામાં આવશે, અને શિષ્યવૃત્તિ મેળવવા પાત્ર થશે.

(૫) (૫) એક સાથે બે અલગ અલગ અભ્યાસક્રમો કરતા વિધાર્થીઓ કોઇ પણ એક અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ મેળવી શકે પરંતુ આવા અભ્યાસક્રમો સંબંધિત શૈક્ષણિક સંસ્થા હેઠળ પરવાનગી પાત્ર હોવા જોઈએ.

(૭) વિનયન/વાણિજ્ય કે વિજ્ઞાનમાં સ્નાતક પહેલાની પરીક્ષાઓ પસાર કર્યા કે ન કર્યા બાદ કોઈ માન્ય વ્યાવસાયિક કે તાંત્રિક પ્રમાણપત્ર/ડિપ્લોમા/પદવી અભ્યાસક્રમમાં જોડાય તો તેમને જો તેઓ અન્યથા યોગ્ય હોય તો શિષ્યવૃત્તિ આપવામાં આવશે. સમૂહ-૧ ના અભ્યાસક્રમ સિવાય ત્યાર બાદની કોઈ નિષ્ફળતા માફ કરવામાં આવશે નહિ.

(૮) જે વિધાર્થીઓ પત્રાચાર અભ્યાસક્રમ મારફત તેમનો અભ્યાસક્રમ કરશે તેઓ પણ પાત્ર થશે પત્રાચાર અભ્યાસક્રમ એ શબ્દોમાં દૂરના અને નિરંતર શિક્ષણનો સમાવેશ થાય છે,

(૯) નોકરી કરતા વિધાર્થીઓ જેઓની તેમના માતા-પિતા કે વાલી સાથેની સંયુક્ત આવક મહત્તમ નિયત આવક મર્યાદા કરતા વધતી ન હોય. તેઓ પણ બધી જ પરત ન મળવાપાત્ર ફરજીયાત ચુકવવાની ફી મજરે મળવાની મર્યાદા સુધી પાત્ર ઠરશે.

## ૧૪.૫. શિષ્યવૃત્તિની રકમ

મેટ્રિક પછીના શિષ્યવૃત્તિમાં અભ્યાસક્રમના સંપૂર્ણ ગાળા માટે નીચેનાનો સમાવેશ થાય છે.

૧) નિભાવ ભથ્થું

૨) દિવ્યાંગતા ભથ્થું

૩) પરત ન થાય તેવી ફરજીયાત ફી નું મજરે મળવું.

૪) પુસ્તક ખર્ચ

વિગતો નીચે મુજબ છે.

૧૪.૫.૧.

| **સમૂહ** | **નિભાવ ભથ્થાનો દર (માસિક રૂ.)** | |
|---|---|---|
| | છાત્રાલયના વિધાર્થીઓ | દિવસે અભ્યાસ કરતા વિધાર્થીઓ |

| | | |
|---|---|---|
| સમૂહ. ૧ | | |
| સર્વે સ્નાતક/અનુ-સ્નાતક પદવી અભ્યાસક્રમો જેમાં મેડીસીન્સ/ઇજનેરી/ટેકનોલોજી/આયોજન/સ્થાપત્ય વિદ્યા/ફેશન ટેકનોલોજી મેનેજમેન્ટ/વેપાર/નાણાકીય વહીવટ/કમ્પ્યુટર વિજ્ઞાન / કૃષિ/પશુ પાલન અને સંબંધિત વિજ્ઞાન U.G.C/AICTE દ્વારા કોઈ પણ શાખામાં માન્ય સર્વે અનુસ્નાતક પદવી/ડિપ્લોમા અભ્યાસક્રમ | ૧૬૦૦ | ૭૫૦ |
| સમૂહ. ૨ | | |
| વ્યાવસાયિક અભ્યાસક્રમો જેમાં પદવી/ડિપ્લોમા ફાર્મસી જેવા ક્ષેત્રોમાં પ્રમાણપત્રો (બી ફાર્મ) એલ.એલ.બી, બી.એફ.એસ, પુનઃવસવાટ નિદાન વિગેરે જેવી અર્ધ તબીબી શાખાઓ માસ સંદેશ વ્યવહાર હોટલ વ્યવસ્થા અને કેટરિંગ યાત્રા/પ્રવાસન/સરભર આંતરિક સુશોભન પોષણ અને ખોરાક શાસ્ત્ર, વાણિજીક કલા, નાણાકીય સેવા (દા.ત. બેન્કિંગ, વીમો, કર, વિગેરે) | ૧૧૦૦ | ૭૦૦ |
| સમૂહ. 3 | | |
| બી.એ./બી.એસ.સી./બી.કોમ, વિગેરે ગ્રુપ-૧ અને ૨ હેઠળ ન આવરી લેવાયેલ સ્નાતક પદવી આપતા અન્ય સર્વે અભ્યાસક્રમો | ૯૫૦ | ૬૫૦ |
| સમૂહ. ૪ | | |
| જેને માટે પ્રવેશ લાયકાત ધોરણ-૧૦ દા.ત. જયેષ્ઠ માધ્યમિક પ્રમાણપત્ર (ધોરણ-૧૧ અને ૧૨ બંને સામાન્ય પ્રવાહ અને વ્યાવસાયિક પ્રવાહ, | ૯૦૦ | ૫૫૦ |

| | | |
|---|---|---|
| આઈ.ટી.આઈ અભ્યાસક્રમો/ ત્રણ વર્ષનો પોલિટેકનિક વગેરેનો ડિપ્લોમા અભ્યાસક્રમ | | |
| નોંધ : માન્ય સંસ્થાઓમાં કરવામાં આવતા માધ્યમિક પછી અથવા મેટ્રિક પછીના બધા જ માન્ય અભ્યાસક્રમોમાં અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ગ્રુપ. ૧ થી ૪ માં આપવામાં આવેલી અભ્યાસક્રમોની યાદી દાખલા રૂપ છે. સંપૂર્ણ નથી આમ રાજ્ય સરકારો / કેન્દ્ર શાસિત વહીવટદાર તેમની રીતે તેમની કક્ષાએ યોગ્ય સમૂહ નક્કી કરવા સક્ષમ છે. | | |

૧૪.૫.૨. દિવ્યાંગતા ભથ્થું :

દિવ્યાંગતા સંદર્ભે વિવિધ પ્રકારના ભથ્થા નીચે મુજબ ચૂકવશે.

| ક્રમ | દિવ્યાંગતાનો પ્રકાર | રકમ (રૂ. માં વાર્ષિક) |
|---|---|---|
| ૧. | દ્રષ્ટિ હીનતા | રૂ. ૪૦૦૦/- |
| ૨. | શ્રવણ અક્ષમતા | રૂ. ૨૦૦૦/- |
| 3. | શારીરિક અક્ષમતા (ઓ.એચ) | રૂ. ૨૦૦૦/- |
| ૪. | બૌદ્ધિક અક્ષમતા | રૂ. ૪૦૦૦/- |
| ૫. | ઉપર દર્શાવેલમાં સામેલ ન થતી અન્ય અક્ષમતા | રૂ. ૨૦૦૦/- |

૧૪.૫.3. પરત ન મળવા પાત્ર ફરજીયાત ફી મજરે મળવી

વિધાર્થીઓ દ્વારા સંસ્થાઓને કે વિશ્વ વિદ્યાલય / બોર્ડને ચુકવવા પાત્ર ટ્યૂશન પ્રવેશ નોંધણી, રમત-ગમત મંડળ, પુસ્તકાલય સામયિક,

તબીબી પરીક્ષા અને એવી અન્ય ફી જે ફરજીયાત પણે ચુકવવાની હોય છે. તે વિધાર્થીઓને ચુકવવામાં આવે છે. મેટ્રિક પછીની શિષ્યવૃત્તિની મહત્તમ ફી મર્યાદા વાર્ષિક રૂપિયા ૧.૫ લાખ છે. જો કે પરત મળવાપાત્ર ડિપોઝીટ જેવી કે કમોસમની, સિક્યુરિટી, ડિપોઝીટ વગેરેનો તેમાં સમાવેશ થતો નથી.

નોંધ : માન્ય અભ્યાસક્રમોની ચુકવણી પાત્ર અને નિ: શુલ્ક જગ્યાઓ સામે માન્ય સંસ્થાઓ એ લીધેલી પરત નહિ કરવા પાત્ર ફરજીયાત ફી સંપૂર્ણ રીતે સક્ષમ રાજ્ય અથવા કેન્દ્ર સરકારની સત્તા એ મંજૂર કરેલ ફી માળખા મુજબ વાર્ષિક રૂપિયા ૧.૫૦ લાખની મહત્તમ મર્યાદા મુજબ સંપૂર્ણપણે મજરે આપી શકાશે.

૧૪.૪.૪. પુસ્તક ભથ્થું રૂપિયા ૧૫૦૦ વાર્ષિક

૧૪.૬) સામાન્ય શરતો

૧) સામાન્ય રીતે હોસ્ટેલે એ શબ્દ રહેણાંકના સામાન્ય મકાનને અને શૈક્ષણિક સ્નાસ્થાઓના નિરીક્ષણ હેઠળ ચાલતા સામાન્ય ભોજનાલયોને લાગુ પડે છે. જો કોલેજ સત્તાવાળાઓ કોલેજની હોસ્ટેલમાં આવાસ સુવિધા પૂરી પાડવા અસમર્થ હોય તેવા કિસ્સામાં આ યોજનાના હેતુ માટે રહેવાની કોઈ માન્ય જગ્યા હોસ્ટેલે તરીકે ગણવામાં આવશે સંસ્થાના વડા દ્વારા યોગ્ય નિરીક્ષણ અને વિશ્વ વિદ્યાલય / સંસ્થા દ્વારા જો કોઈ નિયમો ઘડવામાં આવ્યા હોય તો તે ધ્યાનમાં લીધા બાદ જગ્યા મંજૂર કરવામાં આવશે, આવા કિસ્સાઓમાં વિધાર્થી તેને શાળા/કોલેજની હોસ્ટેલમાં આવાસ સુવિધા

મળી નથી તેથી વિધાર્થી રહેણાંકની માન્ય જગ્યામાં રહે છે. તેવું પ્રમાણપત્ર સંસ્થાના વડા એ આપવાનું રહેશે.

૨) વધુમાં સ્પષ્ટતા કરવાની કે આવી માની લીધેલી હોસ્ટેલમાં ઓછામાં ઓછા પાંચ વિધાર્થીઓ દ્વારા તે ભાડે રાખવામાં આવશે અને સામાન્ય પણે તેમાં સહિયારી રસોડાની વ્યવસ્થા રહેશે.

3) જે વિધાર્થીઓ નિ: શુલ્ક રહેવા, જમવાનું મળવાને પાત્ર છે તેઓને નિભાવ ખર્ચ પેટે હોસ્ટેલના વિધાર્થીઓના $^{૧}/_{3}$ દરે ચુકવણી થશે.

૧૪.૭) ૧) આપવામાં આવેલ શિષ્યવૃત્તિ સારી ચાલચલગત અને હાજરીની નિયમિતતાને આધીન જે તબક્કે આપવામાં આવી હોય ત્યાંથી અભ્યાસક્રમ પૂર્ણ થાય ત્યાં સુધીની રહેશે. પરંતુ તે વર્ષો વર્ષ એ શરતે તાજી કરવામાં આવશે કે જે વર્ષો સુધી ચાલુ રહેતા અભ્યાસક્રમમાં વિશ્વ વિદ્યાલય કે સંસ્થા દ્વારા પરીક્ષા હાથ ધરવામાં આવે છે કે નહિ તે હકીકતને ધ્યાને લીધા સિવાય વિધાર્થી પછીના ઉચ્ચ ધોરણમાં બઢતી પામે છે.

૨) જો દિવ્યાંગ વિધાર્થી જે ગ્રુપ-૧ ના અભ્યાસક્રમમાં (મેટ્રિક પછીના શિષ્યવૃત્તિ ના કિસ્સામાં) પ્રથમ વખતે નાપાસ થાય તો શિષ્યવૃત્તિ તાજી કરી આપવામાં આવશે બીજી અને ત્યારબાદની નિષ્ફળતા માટે તે વિધાર્થી પછીના ઉચ્ચ વર્ગમાં બઢતી મેળવે ત્યાં સુધી તે કે તેણી પોતાનો ખર્ચ પોતે ભોગવશે.

3) જો વિધાર્થી માંદગી કે અન્ય કોઈ અણધાર્યા બનાવને કારણે વાર્ષિક પરીક્ષામાં બેસવા અસમર્થ હોય તો, દાક્તરી પ્રમાણપત્રને આધારે અથવા સંસ્થાના વડા ને સંતોષ થાય તેવો પૂરતો પુરાવો રજુ કર્યે અને

તે/તેણી એવું પ્રમાણિત કરે કે વિધાર્થી જો પરીક્ષામાં બેઠો હોય તો તેણે પરીક્ષા પાસ કરી હોય, ને, તે પછીના વર્ષ માટે શિષ્યવૃત્તિ ચાલુ રાખી શકાય.

૪) તે કે તેણીને નીચલા ધોરણમાં ખરેખર પરીક્ષા પાસ કરી ન હોય અને તેણે થોડા સમય બાદ નીચલા ધોરણની પરીક્ષા આપવી જરૂરી હોય તો પણ વિશ્વ વિદ્યાલય સંસ્થાના નિયમો અનુસાર વિધાર્થીને પછીના ઉચ્ચ ધોરણમાં બઢતી આપવામાં આવી હોય તો તે કે તેણી જો અન્ય રીતે શિષ્યવૃત્તિ માટે યોગ્ય હોય તો જે ધોરણમાં તેને બઢતી આપવામાં આવી હોય તે માટેની શિષ્યવૃત્તિ માટે તે પાત્ર ઠરશે.

૧૪.૮) અન્ય શરતો

૧) શિષ્યવૃત્તિ

શિષ્યવૃત્તિ મેળવનાર વિધાર્થીની શિષ્યવૃત્તિ તેની સંતોષકારક પ્રગતિ અને તેની વર્તણુકને આધારિત છે. જો સંસ્થાના વડા દ્વારા કોઈ પણ સમયે જણાવવામાં આવા કે તે કે તેણીના કોઈ અપકૃત્યને કારણે તે કે તેણી સંતોષકારક પ્રગતિ કરવામાં નિષ્ફળ ગયેલ છે. અથવા સંબંધિત સંસ્થા વાળાની પરવાનગી વગર હાજરીમાં અનિયમિતતા અને હડતાલમાં ભાગ લેવા જેવી ગેરવર્તણુક માટે તકસીરવાર છે, તો શિષ્યવૃત્તિ મંજૂર કરનાર સત્તાવાળાઓ  તેમને યોગ્ય લાગે તેટલા સમય માટે શિષ્યવૃત્તિ અટકાવી શકે, બંધ કરી શકે અથવા રદ પણ કરી શકે.

૨) જો વિધાર્થી ખોટી માહિતીના આધારે શિષ્યવૃત્તિ મેળવતો માલૂમ પડે તો તેની શિષ્યવૃત્તિ રદ થશે અને ભારત સરકારના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગની વિવેકબુદ્ધિ અનુસાર શિષ્યવૃત્તિની ચૂકવાયેલ રકમ

પરત લેવામાં આવશે વિધાર્થી કાળી યાદીમાં મુકાશે અને કોઈ પણ યોજનાની શિષ્યવૃત્તિ મેળવવા માંથી હંમેશા માટે બાકાત કરવામાં આવશે.

૩) આપવામાં આવેલ શિષ્યવૃત્તિ જો વિધાર્થી અભ્યાસક્રમોનો વિષય બદલાવે કે જેને માટે અસલમાં શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી તો તે, અપાયેલ શિષ્યવૃત્તિ રદ થશે.

૪) જો જે તે વર્ષના અભ્યાસક્રમ દરમિયાન જે અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવી હોય તે કે તેણી ચાલુ ન રાખે તો ભારત સરકારના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગની વિવેકબુદ્ધિ અનુસારની શિષ્યવૃત્તિની રકમ પરત કરવા વિધાર્થી જવાબદાર છે.

૫) નિભાવ ભથ્થું

૧ એપ્રિલ થી અથવા પ્રવેશના મહિનાથી બે માંથી જે મોડું હોય ત્યાંથી શૈક્ષણિક વર્ષના અંતે પરીક્ષા પૂરી થાય તે મહિના સુધી (રજાઓ દરમિયાન નિભાવ ભથ્થા સાથે) નિભાવ ભથ્થું એ શરતે ચુકવવા પાત્ર છે કે જો વિધાર્થી મહિનાના વીસમા દિવસ પછી પ્રવેશ મેળવે તો રકમ પ્રવેશના મહિનાના પછીના મહિનાથી ચૂકવશે પ્રી-મેટ્રિક પછીની અને પહેલાની શિષ્યવૃત્તિઓ માટે એક શૈક્ષણિક વર્ષના બાર માસ માટે નિભાવ ભથ્થું ચુકવવા પાત્ર થશે.

૬) અગાઉના વર્ષોમાં આપવામાં આવેલ શિષ્યવૃત્તિ તાજી કરવાના કિસ્સામાં જો અભ્યાસક્રમ જો ચાલુ હોય તો નિભાવ ભથ્થું શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી હોય તે મહિનાના પછીના મહિનાથી ચૂકવાશે.

૭) એમ.બી.બી.એસ કોર્ષમાં ઇન્ટર્નશિપ/હાઉસમેનના ગાળા માટે અથવા અન્ય અભ્યાસક્રમોમાં પ્રૅક્ટિકલ તાલીમ માટે શિષ્યવૃત્તિ ચૂકવાશે

નહિ, અથવા જો વિધાર્થીને ઇન્ટર્નશીપના ગાળા દરમિયાન કોઈ માનદવેતન મળતું હોય અથવા અન્ય અભ્યાસક્રમ દરમિયાન પ્રૅક્ટિકલ તાલીમમાં ભથ્થું કે વૃતીકા મળતા હોય તો મળવાપાત્ર થશે નહિ.

૧૪.૯. અરજી કરવાની પદ્ધતિ અને પસંદગી

એ) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ અન્ય માધ્યમો અને વેબસાઈટ મારફતે અને અગ્રણી અખબારમાં જાહેરાત આપીને યોજનાની વિગતો જાહેર કરશે અને અરજી આવકારશે અરજીઓ www.scholarships.gov.in એ વેબસાઇટ મારફતે મંગાવવામાં આવશે.

બી) અરજી મોકલવાની નિયત કરેલ છેલ્લી તારીખ દરમિયાન અરજદારો એ તેમની અરજી ઓન લાઈન રજુ કરવી જોઇશે. બધાજ જરૂરી દસ્તાવેજો જેવા કે ફોટોગ્રાફ, ઉંમરનો પુરાવો, દિવ્યાંગતા પ્રમાણપત્ર.

માતા-પિતાનું આવકનું પ્રમાણપત્ર શિક્ષણ ની પહોંચ છેલ્લી લાયકાતનું પ્રમાણપત્ર નિયત પત્રકમાં યોગ્ય રીતે ભરીને ઓન લાઈન પદ્ધતિમાં મૂકવા જોઈએ, જો શિક્ષણથી સાથે શિષ્યવૃત્તિની રકમ વાર્ષિક રૂપિયા ૫૦,૦૦૦/- થી વધુ હોય તો, જો કૂલ શિષ્યવૃત્તિની રકમ રૂ. ૫૦,૦૦૦/- થી ઓછી હોય તો દૂરના વિસ્તારોમાં સંપર્કના પ્રશ્નો ધ્યાનમાં રાખીને આધારરૂપ દસ્તાવેજો સંસ્થા કે શાળાના વડાના કબજામાં રાખવા શિષ્યવૃત્તિ યોજનાની સંવાદિતાને લગતી બાબતોની ચર્ચા માટેની તા. ૧૭ જૂન, ૨૦૧૬ ની મંત્રી મંડળના સચિવશ્રીઓની સમિતિ બેઠકની કાર્યવાહી નોંધ મુજબ આ છે.

(સી) જે સંસ્થામા ઉમેદવાર અભ્યાસ કરતો હશે તે સંસ્થાએ પણ તેજ વેબસાઇટ પર નોંધણી કરાવવાની રહેશે, અને ઉમેદવારે પૂરી પાડેલ વિગતોની ચકાસણી કરવાની રહેશે. રાજ્ય સરકારે નિમેલ મધ્યસ્થ અધિકારી રાજ્ય સરકાર વતી અરજી તપાસશે અને તે અંગે કાર્યવાહી કરશે અને તે લાભાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ વહેંચવામાં PMFS મા આખરી યાદીમાં ડીજીટલ સહી કરશે.

(ડી) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ પણ જે તે રાજ્યના સંબંધિત વિભાગના તે વિભાગને ફાળવેલ સંખ્યાને ધ્યાને લઇ કરવામાં આવેલ ભલામણ ને આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

ભારતની કૂલ દિવ્યાંગજન વસ્તિથી સરખામણીમાં તે રાજ્યની દિવ્યાંગજન વસ્તીની ટકાવારીને આધારે કોઈ પણ રાજ્યને મળવાપાત્ર સંખ્યા નક્કી કરવામાં આવશે.

ભારતની કૂલ દિવ્યાંગજન વસ્તીની સરખામણીમાં તે રાજ્યની દિવ્યાંગજન વસ્તીની ટકાવારીને આધારે કોઈ પણ રાજ્યને મળવાપાત્ર સંખ્યા નક્કી કરવામાં આવે છે.

(ઈ) જો કોઈ ઉમેદવાર કોઈ એક રાજ્યનો કાયમી ઉમેદવાર હોય પરંતુ અન્ય રાજ્યમાં અભ્યાસ કરવનો હોય તેવા કિસ્સામાં તેની અરજી તેના મૂળ રાજ્યનો સંખ્યા હેઠળ ધ્યાનમાં લેવામાં આવશે અને તે જે રાજ્યનો કાયમી નિવાસી છે તે રાજ્યના શિક્ષણ/કલ્યાણ વિભાગની ભલામણ તેની અરજી માટે જરૂરી બનશે.

(એફ) પસંદગી માટે ગુણવત્તાનું ધોરણ નીચેના પાસા ધ્યાનમાં લેવામાં આવશે.

(૧) યોજનામાં જણાવ્યા મુજબ પાત્રતાની શરતોની પરિપૂર્ણતા

(૨) રાજ્ય શિક્ષણ વિભાગની ભલામણ

(૩) રાજ્યને પ્રાપ્ય શિષ્યવૃત્તિઓની સંખ્યા

(૪) લાયકાત પરીક્ષામાં મેળવેલ ગુણની ટકાવારીના સંદર્ભમાં ઉમેદવારની ગુણવત્તા

(૫) ગુણની ટકાવારીમાં ફેરફારના કિસ્સામાં દિવ્યાંગતાની ટકાવારી ધ્યાને લેવામાં આવશે એટલે કે દિવ્યાંગતાની વધુ ટકાવારી ધરાવનાર અગ્રતા મેળવશે. છતાં જો કોઈ ગાંઠ પડે તો ઉંમર ધ્યાને લેવામાં આવશે એટલે કે વધુ વય ધરાવનાર અગ્રતા મેળવશે.

૧૪.૧૦) શિષ્યવૃત્તિની વહેંચણીની રીત

શિષ્યવૃત્તિ યોજના રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ મારફતે અમલી બનશે અને દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા રકમ સીધે સીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા થશે.

૧૪.૧૧) (એ) ઑનલાઇન પોર્ટલ મારફતે યોજના પર દેખરેખ, દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ રાખશે.

(બી) રાજ્ય સરકાર એ સુનિશ્ચિત કરશે કે લાભાર્થીના યાદી જરૂરી વિગતો સાથે જિલ્લા અને કક્ષા અનુસાર જાળવવામાં આવશે.

૧૫. ઉચ્ચવર્ગનું શિક્ષણ દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા નિર્દિષ્ટ સંસ્થાઓમાં અનુસ્નાતક પદવી/ડિપ્લોમા) દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના બારમાં પ્લાનિંગ ગ્રુપની ભલામણોને આધારે વર્ષ ૨૦૧૫-૧૬ થી ઉચ્ચ વર્ગના શિક્ષણ માટે શિષ્યવૃત્તિ શરુ થઇ હતી. ૨૦૧૭-૧૮ સુધી શિક્ષણમાં ઉત્તમતાની નિર્દિષ્ટ સંસ્થાઓમાં માત્ર અનુસ્નાતક પદવી/ડિપ્લોમા અભ્યાસક્રમો ને જ પરવાનગી હતી. આમ છતાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી આ યોજનામાં ૨૪૦ નિર્દિષ્ટ સંસ્થાઓમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોનો સમાવેશ કર્યો છે.

૧૫.૧) હેતુઓ

સંપૂર્ણ નાણાંકીય આધાર આપીને દિવ્યાંગજન વિધાર્થીઓમા ઉત્તમ શિક્ષણ આપવાનું અને માન્ય કરવાનું ધ્યેય છે. દિવ્યાંગજન સશક્તિકરણના વિભાગે નિયત કરેલ શિક્ષણમાં ઉત્તમતા ધરાવતી નિર્દિષ્ટ સંસ્થાઓમાં સ્નાતક કે અનુસ્નાતક અથવા ડિપ્લોમા કક્ષાએ અભ્યાસ કરવા માટે તે દિવ્યાંગ વિધાર્થીઓને આવરી લે છે.

૧૫.૨) શિષ્યવૃત્તિઓની સંખ્યા : ૩૦૦ ઉચ્ચ વર્ગના શિક્ષણ માટેની દર વર્ષે પ્રાપ્ય થતી કૂલ શિષ્યવૃત્તિ ના ૫૦% બાલિકા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવશે આમ છતાં જો યોજનાની શરતો અને બોલીઓ મુજબ બાલિકા ઉમેદવારી પૂરતી સંખ્યામાં મળવાપાત્ર ન હોય કે પાત્ર

જણાવ્યા ન હોય તો વણ વપરાયેલ શિષ્યવૃત્તિ નો યોગ્ય પુરુષ ઉમેદવારો પસંદ કરીને ઉપયોગમાં લઇ શકાય.

૧૫.૩ નાણાંકીય સહાયની માત્રા

| ક્રમ | શિષ્યવૃત્તિ ના ભાગ | શિષ્યવૃત્તિ દર |
|---|---|---|
| એ. | શિક્ષણ ફી અને પરત ન મળવાપાત્ર ખર્ચાઓ જે સંસ્થાને ચૂકવવા ના હોય તે મજરે મળવા | રૂ. ૨ લાખ સુધી દર વર્ષે (ખરેખર રકમને આધીન) |
| બી. | નિભાવ ભથ્થું | દર મહિને દર છાત્રાલય દીઠ રૂ. 3000/- |
| સી. | ખાસ ભથ્થું (ચોક્કસ પ્રકારની દિવ્યાંગતાને સંદર્ભે જેમકે વાચક ભથ્થું રક્ષણ ભથ્થું અને મદદનીશ ભથ્થું વિગેરે) | રૂ. ૨000 માસિક |
| ડી. | પુસ્તકો અને લેખન સામગ્રી | રૂ. ૫000 વાર્ષિક |
| ઈ. | અનુષંગીક વસ્તુઓ સાથે કમ્પ્યુટરની ખર્ચના ખર્ચનું મજરે મળવું. | રૂ. 30,000/- સમગ્ર અભ્યાસ ક્રમ માટે એક વખતની સહાય પેટે |
| એફ. | પસંદ કરેલ ઉમેદવારની ચોક્કસ દિવ્યાંગતાને સંબંધિત જરૂરી સોફ્ટવેર સાથે મદદરૂપ અને સહાયક | રૂ. 30000 સમગ્ર અભ્યાસક્રમ માટે એક વખતની સહાય |

| | | |
|---|---|---|
| | **વસ્તુઓની ખરીદીના ખર્ચનું મજરે મળવું** | |

મદદ અને મદદરૂપ વસ્તુમાં નીચેનાનો સમાવેશ થશે.

અંધ/મંદ દ્રષ્ટિ માટે

૧) બ્રેઇલ/બ્રેઇલ લિપિનું ટાઈપ રાઈટર

૨) પડદા પર વાંચી શકાય તેવા સાધન સાથેનું લેપટોપ

૩) પડદા મોટો કરવાના સાધન સાથેનું લેપટોપ

૪) મોબાઈલ ફોન સાંભળવા માટેનું બોલતું સાધન

૫) ડેઇઝી રેકોર્ડર અને પ્લેયર

શ્રવણ અક્ષમતા ધરાવનાર માટે

૧) બટન સેલની સગવડ સાથેનું બંને કાન માટેનું ડીજીટલ સાંભળવા નું સાધન

૨) ટૂંકા સંદેશ અને સીમ કાર્ડ સાથેનો મોબાઈલ ફોન

૩) બ્લ્યુટુથ (વાઈફાઈ) સગવડ સાથેનું લેપટોપ

૧૫.૪ ઉત્તમ સંસ્થા

યોજના હેઠળ આવરી લેવાની ખ્યાતનામ અગ્રણી સંસ્થાઓની યાદી જોડાણ-૨ મા છે. જયારે-જયારે જરૂર પડે ત્યારે નિયત સરકારના દિવ્યાંગજન સશક્તિકરણ મંત્રાલય દ્વારા કોઈપણ ઉમેરો કે કમી કરવા જાહેરાત કરવામાં

આવશે. કોઈપણ પ્રવાહ હેઠળના દૂરથી શીખવવાનો ટૂંક સમયના કે સપ્તાહ અભ્યાસક્રમો માટે આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ મળવાપાત્ર નથી. એક વખતની ચુકવણી વ્યક્તિગત રીતે એક જ વાર ચૂકવણી કરવામાં આવનાર હોય બીજીવાર કે પછીના સમયે ચુકવણી માટે વિચારણા થઇ શકે નહી.

૧૫.૫ શિષ્યવૃત્તિની અવધિ અને નવીનીકરણ શિષ્યવૃત્તિઓ આપવાની અવધિ સામાન્ય રીતે ૪/૫/૨ વર્ષ થવા જે અભ્યાસક્રમમાં વિધાર્થી પ્રવેશ મેળવ્યો હોય તેના માન્ય ગાળા માટે રહેશે.

(એ) સારી વર્તણુંક અને નિયમિતતાનો અધીન અભ્યાસક્રમની પરીપૂર્ણતાને તબક્કે આપવામાં આવેલ શિષ્યવૃત્તિ તે તબક્કાથી ચાલુ રહેશે.

(બી) દર વર્ષે તે તાજી કરવામાં આવશે પરંતુ તે શરતે કે વર્ષો સુધી ચાલુ રહેનાર અભ્યાસક્રમમાં વિધાર્થી એવી પરીક્ષા કે યુનિવર્સિટી કે સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવે છે કે નહી તે હકીકત ધ્યાને લીધા સિવાય પછીના ઉચ્ચ વર્ગમાં બઢતી મેળવે તો

(સી) જો વિધાર્થી માંદગીને કારણે અથવા અન્ય કોઈ અણધાર્યા બનાવને કારણે વાર્ષિક પરીક્ષામાં બેસવા અસમર્થ બને તો સંસ્થાના વડા ને સંતોષ થાય તેવા પૂરતા પુરાવા અને દાક્તરી પ્રમાણપત્ર રજુ કરે અને સંસ્થાના વડાએ જો વિધાર્થી પરીક્ષામાં બેઠો હોય તો તેણે પરીક્ષા પાસ કરી હોત તેવું પ્રમાણપત્ર રજુ કરે તો પછીના શૈક્ષણિક વર્ષ માટે શિષ્યવૃત્તિ તાજી કરી શકાશે.

(ડી) તે કે તેણીને નીચલા ધોરણમાં ખરેખર પરીક્ષા પાસ કરી ન હોય અને તેણે થોડા સમય બાદ નીચલા ધોરણની પરીક્ષા આપવી જરૂરી હોય તો પણ વિશ્વ વિદ્યાલય / સંસ્થાના નિયમો અનુસાર વિધાર્થીને પછીના ઉચ્ચ ધોરણમાં બઢતી આપવામાં આવી હોય તો તે કે તેણી જો અન્ય રીતે શિષ્યવૃત્તિ માટે યોગ્ય હોય તો જે ધોરણમાં તેને બઢતી આપવામાં આવી હોય તે માટેની શિષ્યવૃત્તિ માટે તે પાત્ર ઠરશે.

૧૫.૬ અન્ય શરતો

૧) શિષ્યવૃત્તિ

શિષ્યવૃત્તિ મેળવનાર વિધાર્થીની શિષ્યવૃત્તિ તેની સંતોષકારક પ્રગતિ અને તેની વર્તણુકને આધારિત છે, જો સંસ્થાના વડા દ્વારા કોઈ પણ સમયે એવું જણાવવામાં આવે કે તે તેણીના કોઈ અપકૃત્યને કારણે તે કે તેણી સંતોષકારક પ્રગતિ કરવામાં નિષ્ફળ ગયેલ છે, અથવા સંબંધિત સંસ્થાવાળાની પરવાનગી વિના હાજરીમાં અનિયમિત અને હળતાલમા ભાગ લેવા જેવી ગેરવર્તણુક માટે તકસીરવાર છે તો શિષ્યવૃત્તિ મંજૂર કરનાર સત્તા મંડળ તેમને યોગ્ય લાગે તેટલા સમય માટે શિષ્યવૃત્તિ અટકાવી શકે, બંધ કરી શકે, અથવા રદ પણ કરી શકે.

૨) જો વિધાર્થી ખોટી માહિતીના આધારે શિષ્યવૃત્તિ મેળવતો માલૂમ પડે તો તેની શિષ્યવૃત્તિ રદ થશે અને ભરત સરકારના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગની વિવેકબુદ્ધિ અનુસાર શિષ્યવૃત્તિની ચૂકવાયેલ રકમ પરત લેવામાં આવશે વિધાર્થી કાળી યાદીમાં મુકાશે અને કોઈ

પણ યોજનાની શિષ્યવૃત્તિ મેળવવા માંથી હંમેશ માટે બાકાત કરવામાં આવશે.

૩) આપવામાં આવેલ શિષ્યવૃત્તિ જો વિધાર્થી અભ્યાસક્રમનો વિષય બદલાવે કે જેને માટે અમલમાં શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. તો તે અપાયેલ, શિષ્યવૃત્તિ રદ થશે.

૪) જો જે તે વર્ષના અભ્યાસક્રમ દરમિયાન જે અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવી હોય તે કે તેણી ચાલુ ન રાખે તો ભરત સરકારના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગની વિવેકબુદ્ધિ અનુસારની શિષ્યવૃત્તિની રકમ પરત કરવા વિધાર્થી જવાબદાર છે.

૫) નિભાવ ભથ્થું

૧ એપ્રિલ થી અથવા પ્રવેશના મહિનાથી બે મહિ જે મોડું હોય ત્યાંથી શૈક્ષણિક વર્ષના નાતે પરીક્ષા પૂરી થાય તે મહિના સુધી (રજાઓ દરમિયાન નિભાવ ભથ્થા સાથે) નિભાવ ભથ્થું એ શરતે ચુકવવા પાત્ર છે કે જો વિધાર્થી મહિનાના વીસમા દિવસ પછી પ્રવેશ મેળવે તો રકમ પ્રવેશ ના મહિનાના પછીના મહિનાથી ચૂકવાશે, પ્રી-મેટ્રિક પછીની અને પહેલાની શિષ્યવૃત્તિઓ માટે એક શૈક્ષણિક વર્ષના બાર માસ માટે નિભાવ ભથ્થું ચુકવવા પાત્ર થશે.

૬) અગાઉના વર્ષોમાં આપવામાં આવેલ શિષ્યવૃત્તિ તાજી કિસ્સામાં જો અભ્યાસક્રમ ચાલુ હોય તો નિભાવ ભથ્થું, શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી હોય તે મહિનાના પછીના મહિનાથી ચૂકવાશે.

૧૫.૭ સમીક્ષા અને દેખરેખ

નીચે જણાવેલી બનેલી નિયામક સમિતિ દ્વારા યોજનાના અમલીકરણની પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે.

એ) સચિવ

દિવ્યાંગજન સશક્તિકરણના વિભાગ- અધ્યક્ષ

બી) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગના સંબંધિત સચિવશ્રી – સભ્ય

સી) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગનો હવાલો ધરાવતા સંયુક્ત સચિવ અને નાણાંકીય સલાહકાર – સભ્ય

ડી) સંયુક્ત સચિવ (આદિજાતિ વિકાસ) આદિજાતિ બાબતોનું મંત્રાલય- સભ્ય

ઈ) સંયુક્ત સચિવ (એસ.સી.બી) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ – સભ્ય

એફ) સંયુક્ત સચિવ ઉચ્ચ શિક્ષણ વિભાગ – સભ્ય

જી) સંયુક્ત સચિવ તબીબી શિક્ષણ વિભાગ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ – સભ્ય

એચ) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની પ્રતિનિધિ – મેમ્બર

આઈ) નિયામક / નાયબ સચિવ (સંબંધિત) દિવ્યાંગજન સશક્તિકરણના વિભાગ- સંયોજક

જયારે જયારે યોગ્ય જણાય ત્યારે સમિતિ ખાસ આમંત્રિત તરીકે તજજ્ઞને આમંત્રિત કરી શકે. કાયમીને આધારે કોઈ પણ સંસ્થાનો વધારો કે ઘટાડો કરવા દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગને સમિતિ ભલામણ કરી શકે. આ હેતુ માટે એવા અભ્યાસક્રમના પ્રવેશ પરીક્ષા ઓ હાથ ધરતી સંબંધિત સંસ્થાઓ જે તેવી સંસ્થાઓ પર અંકુશ ધરાવતી હોય તેની ભલામણો ધ્યાને લઇ શકશે.

શૈક્ષણિક પરીક્ષાને આધારે પસંદ કરેલ સંસ્થાઓની કામગીરીની સામાયિક સમીક્ષા સમિતિ કરી શકે.

૧૬) દિવ્યાંગજન માટે રાષ્ટ્રીય અધ્યેતા વૃતિ (ભારતીય વિશ્વ વિદ્યાલય મા એમફીલ અને પીએચડી માટે)

૧૬.૧ વ્યાપ

યોજના દિવ્યાંગજનોને દર વર્ષે કૂલ ૨૦૦ અધ્યેતા વૃતિ આપે છે. (જુનિયર રિસર્ચ ફેલોશીપ યોજના યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા માન્યતા પ્રાપ્ત બધી જ સંસ્થાઓ/વિશ્વ વિદ્યાલયને આવરી લે છે. અને પીએચડી તથા એમફીલ કરતા સંશોધક વિધાર્થીઓને આપતી UGC અધ્યેતા વૃતિ યોજનાની તરહ મુજબ UGC દ્વારા જ અમલી બનશે.

૧૬.૨ (એ) ભારતમાં એમફીલ કે પીએચડી ની પદવી માટે ઉચ્ચ શિક્ષણ મેળવતા દિવ્યાંગજનોને નાણાંકીય સહાય પૂરી પાડવી.

બી) વિવિધ મહા-વિધાલયો અને વિશ્વ વિધાલ્યોમા વ્યાખ્યાતાની ખાલી પડેલી જગ્યાઓ ઉપર નોકરી માટે દિવ્યાંગજનો વ્યવસ્થાના સંદર્ભમાં રાષ્ટ્રીય

અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વધતી તકોનો અસરકારક રીતે લાભ લેવા તૈયાર કરવા

૧૬.૩ પાત્રતાની શરતો

(૧) શૈક્ષણિક સંસ્થા કે તે વિશ્વ વિદ્યાલયમાં પ્રવેશ માટેની જરૂરી આવશ્યકતાઓ પૂરી કરીને શૈક્ષણિક સંસ્થામાં કે વિશ્વ વિધ્યાલયમા પી.એચ.ડી કે એમ.ફિલ માટે પ્રવેશ અપાયેલ કોઈ પણ દિવ્યાંગ વિધાર્થી યોજનાની જોગવાઇઓને આધીન અધ્યાતતા વૃતિ મેળવવા પાત્ર છે.

(૨) બે વર્ષ બાદ શિષ્યવૃત્તિ મેળવનારની સંશોધન કાર્યમાં પ્રગતિ સંતોષકારક માલૂમ પડે તો સિનિયર રિસર્ચ ફેલોશીપ માટે વધુ ત્રણ વર્ષ માટે તેનો સમયગાળો લંબાવવામાં આવશે. વિશ્વ વિદ્યાલયે નક્કી કરેલ ત્રણ સભ્યોની સમિતિ સંશોધન કાર્યનું મૂલ્યાંકન મૂક્યો છે. સમિતિ સુપરવાઇઝર, વિભાગના વડા અને એક બહારના તજજ્ઞની બનેલી હશે. જો ઉમેદવારની પ્રગતિ સમિતિને સંતોષકારક માલૂમ ન પડે તો જુનિયર રિસર્ચ ફેલોશીપ બંધ કરી શકાશે. સિનિયર રિસર્ચ ફેલોશીપ વિભાગના વડ દ્વારા ઉમેદવારના સુપરવાઇઝર કરેલ ભલામણો સ્વીકારવા / નકારવા ને આધારે વર્ષો વર્ષ મંજૂર કરવામાં આવશે અને તેને અંતે કુલપતિ દ્વારા મંજૂર કરવામાં આવશે જુનિયર રિસર્ચ ફેલોશીપ અને સિનિયર રિસર્ચ ફેલોશીપનો કૂલ સમયગાળો પાંચ વર્ષથી વધશે નહી. એમ.ફીલ કે પી.એચ.ડી અભ્યાસક્રમમા વિધાર્થીની નોંધણીની તારીખથી ફેલોશીપ ચુકવવામાં આવશે પરંતુ તા. ૦૧/૦૪/૨૦૧૨ થી વહેલા નહી જે તારીખ યોજનાની અસરની તારીખ છે.

૩) એકવાર ફેલોશીપ માટે વિચારણામાં લેવાયેલ દિવ્યાંગ વિધાર્થી એક સરખા લાભ અપાતી UGC જેવી સંસ્થા કે કેન્દ્ર કે રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારથી મળતા સરખા પ્રકારના લાભો માટે તે બેવડાય નહી તે માટે, પાત્ર બનશે નહી. વિશ્વ વિદ્યાલય / સંશોધન સંસ્થાને / પૂર્ણ કાલીન એમ.ફિલ/પી.એચ.ડી અભ્યાસક્રમ કરતા હોય તેઓ જ ફેલોશીપ માટે પાત્ર બનશે. એમફીલ કે પી.એચ.ડી અભ્યાસક્રમ કરવા માટે અભ્યાસ-રજા કે બિન-પગારી રજા પર હોય તેવા છતાં સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશ / રાજ્ય / કેન્દ્ર / શૈક્ષણિક સંસ્થા / મહાવિધાલય કે કોઈ વિશ્વ વિદ્યાલયના કર્મચારીઓ ફેલોશીપ મેળવવા માંથી બાકાત રહેશે.

૧૬.૪ અધ્યતાવૃતિની સંખ્યા

(૧) યોજના હેઠળ દિવ્યાંગ વિધાર્થીઓને આપવાની અધ્યેતા વૃતિની ફૂલ સંખ્યા ૨૦૦ છે. (દર વર્ષે જુનિયર રિસર્ચ ફેલોશીપ) દિવ્યાંગ ઉમેદવારો પૂરતી સંખ્યામાં ન મળે તેવા કિસ્સામાં વર્ષ દરમિયાન વણ વપરાયેલ અધ્યાતાવૃતિ પછીના સત્રમાં આગળ ખેંચી શકાશે.

(૨) જો ઉમેદવારોની સંખ્યા પ્રાપ્ય વૃતિની સંખ્યા વધતી હોય તેવા કિસ્સામાં વિધાર્થીએ અનુસ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુનાની ટકાવારીને આધારે UGC ઉમેદવારો પસંદ કરશે.

૧૬.૬) અધ્યતા વૃતિની અવધિ

| અભ્યાસક્રમનું નામ | મહત્તમ અવધિ | JRF અને SRF ની મળવા પાત્રતા | |
|---|---|---|---|
| | | JRF | SRF |

| | | | |
|---|---|---|---|
| એમ.ફીલ | ૨ વર્ષ | ૨ વર્ષ | શૂન્ય |
| PHD | ૨ વર્ષ | ૨ વર્ષ | બાકીના ત્રણ વર્ષ |
| PHD + એમ.ફિલ | ૨ વર્ષ | ૨ વર્ષ | બાકીના ત્રણ વર્ષ |

૧૬.૬ અધ્યતા વૃતિનો દર

૧) JRF અને SRF માટે અધ્યતા વૃતિનો દર UGC ની અધ્યતાવૃતિને સમાન રહેશે.

હાલમાં આ દર નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | અધ્યેતા વૃત્તિ | જુનિયર રીસર્સ ફેલોશીપ માટે શરૂઆતના વર્ષ માટે રૂ. ૨૫૦૦૦/- માસિક રૂ. ૨૮૦૦૦ માસિક બાકીના સમયગાળા માટે (સિનિયર રિસર્ચ ફેલોશીપ) |
| (૨) | માનવ શાસ્ત્રો અને સામાજિક વિજ્ઞાન માટે આકસ્મિકતાઓ (આર્ટસ અને ફાઇન આર્ટસ સાથે) | @ રૂ. ૧૦.૦૦૦/- વાર્ષિક શરૂઆતના બે વર્ષ<br>@ રૂ. ૨૦,૫૦૦ વાર્ષિક બાકીના સમયગાળા માટે |
| (૩) | વિજ્ઞાન, ઇજનેરી અને ઉદ્યોગિકી માટે આકસ્મિકતા | @ રૂ. ૧૨,૦૦૦/- વાર્ષિક શરૂઆતના બે વર્ષ માટે<br>@ રૂ. ૨૫,૦૦૦/- વાર્ષિક બાકીના સમયગાળા માટે |

| | | |
|---|---|---|
| (૪) | ખાતાકીય મદદ (બધાજ વિષયો) | @ રૂ. ૩૦,૦૦૦ વાર્ષિક માળખું પૂરું પાડવા માટે વિધાર્થી દીઠ નિમંત્રક સ્થાનને<br>@ રૂ.. ૨૦૦૦ માસિક શારીરિક અને દ્રષ્ટીની અક્ષમતા ધરાવતા ઉમેદવારના કિસ્સમાં |

૨) ઘરભાડા ભથ્થું UGC ની તરહ મુજબ રહેશે અને જે વિધાર્થીઓને છાત્રાલયની સગવડ પૂરી પાડવામાં આવશે જો વિશ્વ વિધાલય કે સંસ્થાએ આપેલ છાત્રાલય આવાસ નકારવામાં આવે તો વિધાર્થી તેના ઘરભાડા ભથ્થાનો દાવો ગુમાવશે. અન્ય સગવડો જેવી કે તબીબી સગવડો, પ્રસૂતિ રજા સાથેની રજા UGC ની માર્ગદર્શિકા અનુસાર તેઓ ના અધ્યતાવૃતિ કાર્યક્રમના કિસ્સામાં નિયંત્રિત થશે.

૧૬.૭.સિનિયર રિસર્ચ ફેલોશીપ માટે પાત્રતા સિનિયર રિસર્ચ ફેલોશીપ મેળવવા લાયક બનવા UGC ના ધોરણો લાગુ પડશે.

૧૬.૮.રાષ્ટ્રીય દિવ્યાંગજન અધ્યેતાવૃતિ હેઠળ શિષ્યવૃત્તિ મંજૂર કરવાની પધ્ધતિ

દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) આ યોજનાના અમલીકરણ માટે મધ્યસ્થ સંસ્થા રહેશે રાષ્ટ્રીય અધ્યેતા વૃતિ તા. ૦૧/૦૪/૨૦૧૨ થી અમલી થઇ રહેલી છે.

૧૬.૯.UGC ની ભૂમિકા

૧) UGC અખબારોમાં યોગ્ય જાહેરાત આપીને યોજના જાહેર કરશે અને દિવ્યાંગજનો માટે રાષ્ટ્રીય અધ્યેતાવૃતિ આપવા ઑનલાઇન અરજી આવકારશે.

૨) અનુસ્નાતક પરીક્ષામાં ન્યૂનતમ ગુણ અંગે કોઈ નિયમન રહેશે નહિ.

૩) આ યોજના માટે પાત્ર બનવા દિવ્યાંગ વિધાર્થી માટે અનુસ્નાતક પરીક્ષા પાસ કરેલી હોય તે પૂરતું છે.

૪) રાષ્ટ્રીય દિવ્યાંગજન અધ્યેતા વૃતિ મેળવવા માટે પાત્ર બનવા દિવ્યાંગ વિધાર્થી એ એન.ઈ.ટી/એસ.એલ.ઈ.ટી ની પરીક્ષા પાસ કરવી જોઈએ તેવું બંધન રહેશે નહિ.

૫) રાષ્ટ્રીય દિવ્યાંગજન અધ્યેતાવૃતિ માટે અરજી કરવા મહિનાનો એક મહિનાનો સમય આપશે.

૬) UGC રાષ્ટ્રીય દિવ્યાંગજન અધ્યેતાવૃતિ આપવા માટે ઉમેદવારની પસંદગી કરશે.

૭) વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશ વચ્ચે અધ્યેતાવૃતિની વહેંચણી મોટે ભાગે જે તે રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશમાં દિવ્યાંગજનોની વસ્તીના પ્રમાણમાં કરવામાં આવશે.

૮) જો આવી રીતે રાજ્ય /કેન્દ્ર શાસિત પ્રદેશને ફાળવેલ અધ્યેતાવૃતિની સંખ્યા યોગ્ય ઉમેદવાર ન મળવાને કારણે પૂરે પૂરી વપરાય નહિ તેવા કિસ્સામાં UGC આવી સંખ્યાને રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશોમાં જ્યાં

તેઓને ફાળવેલ સંખ્યા કરતા પાત્ર ઉમેદવારોની સંખ્યા ઘણી વધારે હોય, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ અને UGC ના પ્રતિનિધિઓને સમિતિ આ નિર્ણય લેશે.

૯) આધાર નંબર સાથે જોડીને લાભાર્થીઓને નક્કી કરવા UGC તંત્ર ઊભું કરશે

૧૦) સંભવિત ઉમેદવારના લાભ માટે UGC યોજનાની બધી વિગતો ધરાવતી પુસ્તિકા બહાર પાડશે.

૧૧) ખોટા પ્રમાણપત્રને આધારે રાષ્ટ્રીય દિવ્યાંગજન અધ્યેતા વૃતિ મેળવવા દિવ્યાંગ વિધાર્થીઓની અધિકૃતતા ચકાસવા UGC તેનું પોતાનું તંત્ર ઊભું કરશે.

૧૨) UGC એ સુ નિશ્ચિત કરશે કે અન્ય અધ્યેતાવૃતિ પ્રોગ્રામ હેઠળ લાભ લેતો હોય તે દિવ્યાંગજન રાષ્ટ્રીય અધ્યેતાવૃતિ હેઠળ આવરી લેવાયેલ નથી

૧૩) રાષ્ટ્રીય દિવ્યાંગજન અધ્યેતાવૃતિ આપવા સંબંધમાં UGC નો નિર્ણય આખરી રહેશે અને તે અંગે UGC ના નિર્ણય સામે કોઈ અપીલ થશે નહિ.

૧૪) અધ્યેતાવૃતિ કાર્યક્રમ માટે શિષ્યવૃત્તિની વહેંચણી માટે UGC, JRF અને SRF લાભાર્થીના યાદી અને તેઓના આધાર નંબર/શિષ્યવૃત્તિની રકમ

, અધ્યેતા વૃતિનું વર્ષ, સાથે દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગને અગાઉથી જાણ કરશે.

૧૫) SRF આપવાના હેતુ માટે UGC દિવ્યાંગ વિધાર્થીના સંશોધન કાર્યની કામગીરી મૂલ્યાંકન પણ કરશે.

૧૬.૧૦. દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગની ભૂમિકા

૧) UGC એ નક્કી કરેલ લાભાર્થીઓને અધ્યેતાવૃતિની રકમની વહેંચણી માટે દિવ્યાંગતા બાબતોનો વિભાગ જવાબદાર રહેશે.

૨) UGC પાસેથી રાષ્ટ્રીય દિવ્યાંગજન અધ્યેતાવૃતિ હેઠળ JRF અને SRFમાટે લાભાર્થીઓની યાદી ઉપલબ્ધ થતા દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ અધ્યેતાવૃતિની રકમ નક્કી કરેલ વિધાર્થીઓને ઓન લાઈન તબદીલ કરવાનું સુ નિશ્ચિત કરશે.

૧૬.૧૧. દેખરેખ અને મૂલ્યાંકન

અધ્યેતાવૃતિના કાર્યક્રમની દેખરેખ અને મૂલ્યાંકન દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ કરશે જુનિયર રિસર્ચ અધ્યેતાવૃતિના તબક્કામાં ઉમેદવાર દ્વારા કરવામાં આવેલ સંશોધન કાર્યની કામગીરીનું મૂલ્યાંકન કર્યા બાદ SRF એવોર્ડ આપવો જોઈએ.

૧૭) રાષ્ટ્રીય દરિયાપારની શિષ્યવૃત્તિ (વિદેશના વિશ્વ વિદ્યાલય માં અનુસ્નાતક પદવી અને PHD).

૧૭.૧.હેતુઓ

નીચે જણાવેલ અભ્યાસના ચોક્કસ ક્ષેત્રોમાં વિદેશમાં PHD અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસ કરવા માટે પસંદ થયેલ દિવ્યાંગ વિધાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવી.

(એ) ઇજનેરી અને મેનેજમેન્ટ

(બી) શુદ્ધ વિજ્ઞાન અને વ્યવહારિક વિજ્ઞાન

(સી) કૃષિ વિજ્ઞાન અને દવાઓ

(ડી) વાણિજ્ય હિસાબો અને નાણા

(ઈ) માનવ શાસ્ત્રો સામાજિક વિજ્ઞાન કાયદો અને ફાઇન આર્ટસ સાથે

૧૭.૨) શિષ્યવૃત્તિની સંખ્યા

યોજના હેઠળ દર વર્ષે ૨૦ શિષ્યવૃત્તિ પ્રાપ્ય છે.

રાષ્ટ્રીય દારીયા પારની શિષ્યવૃત્તિ હેઠળ કોઈપણ વિદ્યા શાખામાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો આવરી લેવાયેલ નથી.

૧૭.3) PHD માટે પ્રથમ વર્ગ અથવા ૫૫% ગુણ અથવા સંબંધિત અનુસ્નાતક પદવીમાં સમકક્ષ ધોરણ અનુભવી ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે ખાસ કરીને જેઓ તેમની હાલની જગ્યા તથા નોકરી દાતા સાથે ધારણાધિકાર ધરાવતા હોય. અનુસ્નાતક પદવી માટે ૫૫% ગુણ અથવા સંબંધિત સ્નાતક પદવીમાં સમકક્ષ ધોરણ અનુભવી ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે ખાસ કરીને જેઓ તેમની ખાસ કરીને જેઓ તેમની હાલની જગ્યા તથા નોકરી દાતા સાથે ધારણાધિકાર ધરાવતા હોય.

૧૭.૪.ઉંમર

યોજનાની જાહેરાતના મહિનાના પ્રથમ દિવસે ૩૫ વર્ષથી નીચે.

૧૭.૫.આવક મર્યાદા

બધાજ સ્રોતો માંથી કૂલ આવક રૂપિયા (ભારતીય ચલણમાં રૂપિયા) ૬ લાખ ફી વધશે નહિ.

૧૭.૬.એક વખતનો એવોર્ડ

વ્યક્તિને એકજ વખત આપવામાં આવનાર હોય પ્રાપ્ત કરનારને બીજા કે પછીના સમયે વિચારણામાં લઇ શકાય નહીં.

૧૭.૭.નાણાકીય સહાય

૧૭.૭.૧ વાર્ષિક નિભાવ ભથ્થાની માત્રા

(એ) અમેરિકા અને ઈંગ્લેન્ડ સિવાય અન્ય દેશો માટે યોજના હેઠળ આવરી લેવાયેલ બધા જ કક્ષાના અભ્યાસક્રમો માટે વાર્ષિક નિભાવ ભથ્થું અમેરિકન ડોલર ૧૫૪૦૦ (US ડોલર, પંદર હજાર ચારસો) નિયત કરેલ છે.

(બી) ઈંગ્લેન્ડ માટે રકમ

વાર્ષિક નિભાવ ભથ્થું ૯૯૦૦/- (ગ્રેટ બ્રિટન પાઉન્ડ, નવ હજાર નવ સો રૂપિયા. નિયત કરેલ છે.

૧૭.૭.૨. વાર્ષિક આકસ્મિક ભથ્થાની માત્રા

(એ) અમેરિકા માટે અને ઈંગ્લેન્ડ સિવાયના અન્ય દેશો માટે

નિયત કરેલ આકસ્મિક ભથ્થું, વાર્ષિક ધોરણે પુસ્તકો/જરૂરી સાધનો/અભ્યાસ પ્રવાસ/વિષયને સંબંધિત પરિષદમાં હાજર રહેવા મુસાફરી ખર્ચ/ શોધ નિબંધનું ટાઈપિંગ અને બાંધણી ખર્ચ વિગેરે ૧૫૦૦/- અમેરિકન ડોલર (અમેરિકન ડોલર, એક હજાર પાંચસો પૂરા) માટે છે.

(બી) માત્ર ઈંગ્લેન્ડ માટે

નિયત કરેલ આકસ્મિક ભથ્થું વાર્ષિક ધોરણે પુસ્તકો/જરૂરી સાધનો/અભ્યાસ પ્રવાસ/વિષયને સંબંધિત પરિષદમાં હાજર રહેવા મુસાફરી ખર્ચ/ શોધ નિબંધનું ટાઈપિંગ અને બાંધણી ખર્ચ વિગેરે ૧૧૦૦/- અમેરિકન ડોલર (અમેરિકન ડોલર, એક હજાર એકસો પૂરા) માટે છે.

૧૭.૮. પ્રાસંગિક મુસાફરી ભથ્થું

નિયત કરવામાં આવેલ પ્રાસંગિક મુસાફરી ભથ્થું અમેરિકન ડોલર ૨૦ (વીસ પૂરા) અથવા તેના ભારતીય ચલણમાં સમકક્ષ છે.

૧૭.૯. સાધન ભથ્થું

નિયત કરવામાં આવેલ સાધન ભથ્થું રૂ. ૧૫૦૦./- છે (રૂ. એક હજાર પાંચસો પૂરા)

૧૭.૧૦. ચૂંટણી કર

જ્યાં જ્યાં લાગુ પડે ત્યાં ખરેખર ચૂકવાશે

૧૭.૧૧. વિઝા ફી

ભારતીય ચલણમાં ખરેખર વિઝા ફી ચૂકવાશે

૧૭.૧૨. ફી

શિક્ષણ ખરેખર હશે તે મુજબ મળવાપાત્ર

૧૭.૧૩. તબીબી વીમાનું પ્રિમિયમ

ખરેખર ચુકવણી મળવાપાત્ર

૧૭.૧૪. હવાઈ મુસાફરીની કિંમત.

રાષ્ટ્રીય પરિવહન સાથે આયોજન કરીને ઈકોનોમી વર્ગ દ્વારા ટૂંકમાં ટૂંકા અંતર વડે ભારતમાંથી શૈક્ષણિક સંસ્થાની નજીકમાં નજીક સ્થળે જવા અને ભારત પરત આવવા માટે હવાઈ મુસાફરી સહાય ખરેખર ખર્ચના ધોરણે પૂરી પાડવામાં આવશે.

૧૭.૧૫. સ્થાનિક પ્રવાસ

અભ્યાસની જગ્યાએ જવા આવવા માટે પ્રવાસ કરવાના સ્થળથી રેલ્વેનું બીજા કે કોચ વર્ગનું ભાડું

રેલવેથી ન જોડાયેલ દૂરના સ્થળો માટે રહેઠાણના સ્થળેથી નજીકના રેલ્વે સ્ટેશન સુધીનું બસ ભાડું ખરેખર નૌકા ભાડું /નજીકમાં નજીકના રેલવે કમ

એરપોર્ટે અથવા ટૂંકામાં ટૂંકા રસ્તે પ્રવાસ કરવાના સ્થળથી પરત આવવા સુધીનું રેલ્વેનું બીજા વર્ગનું ભાડું મળવાપાત્ર થશે.

૧૭.૧૬) સંશોધન /શિક્ષણ શિષ્યવૃત્તિ

૨૪ અમેરિકન ડોલર સુધી (અમેરિકન ડોલર ૨૪૦૦/-) વાર્ષિક ધોરણે સંશોધન/શિક્ષણ સહાય હાથ ધરીને તેમના નિયત ભથ્થામાં પૂરતી કરવા શિષ્યવૃત્તિ મેળવનારને પરવાનગી આપવામાં આવે છે. અને ઇંગ્લેન્ડમાં શિષ્યવૃત્તિ મેળવનારને ૧૫૬૦ GBP (ગ્રેડ બ્રિટન પાઉન્ડ એક હજાર પાંચસો સાઠ પૂરા) વાર્ષિક ધોરણો અને આ નિયત કરેલ મર્યાદાઓ ઉપરાંત યોજના હેઠળ તેમનું વાર્ષિક નિર્વાહ ભથ્થું દિવ્યાંગજન અધિકારિતા વિભાગ દ્વારા તેમાં અનુરૂપ ઘટાડો કરવામાં આવશે.

૧૭.૧૭. નાણાકીય મદદ સાથે એવોર્ડની અવધિ નિયત નાણાકીય સહાય અભ્યાસક્રમ કે સંશોધન કાર્ય પૂરું થતા અથવા નીચે દર્શાવેલ સમય બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી પૂરી પાડવામાં આવશે.

(એ) PHD – ૪ વર્ષ (ચાર વર્ષ)

(બી) અનુસ્નાતક પદવી- ૩ વર્ષ (ત્રણ વર્ષ)

ઉપર જણાવેલ અભ્યાસક્રમોની કક્ષાના નિયત સમયગાળા ઉપરાંત રોકાણમાં વધારો નાણાકીય મદદ સાથે વિચારણામાં લઇ શકાય સિવાય કે ભારત પાછા ફરવા માટે હવાઈ મુસાફરી ખર્ચ ફક્ત અને ફક્ત વિશ્વ વિદ્યાલય કે શૈક્ષણિક સંસ્થાના સંબંધિત સક્ષમ સત્તાવાળાઓ ઉપરાંત પરદેશના ભારતીય દુતાવાસની ભલામણો એવા પ્રમાણપત્ર સાથે મળી

હોય કે ચોક્કસ સમયગાળા સાથે વધારાનું રોકાણ ઉમેદવારને અભ્યાસ પૂરૂ કરવામાં સહુલત માટે અત્યંત જરૂરી છે. આ સંબંધમાં અંતિમ નિર્ણય જો કે ફક્ત ભારત સરકાર હસ્તક છે.

૧૭.૧૮) પસંદગીની પ્રક્રિયા

વિભાગની વેબસાઇટ છે. disityaffairs.gov.in માં આપવામાં આવેલ નિયત અરજી પત્રકમાં દિવ્યાંગજન સશક્તિકરણના વિભાગને (નોકરી કરતા ઉમેદવારો યોગ્ય રાહે) યોજનાની શરતો મુજબ ઉમેદવારો તેઓની પાત્રતા અને યોગ્યતાનું આકલન કરીને અરજી કરશે જે ઉમેદવારો એ પહેલેથી જ દેશ છોડી દીધો છે અને વિદેશમાં પસંદગી પહેલા અભ્યાસ કરે છે, તેઓને શિષ્યવૃત્તિ આપવામાં માટે વિચારણામાં લેવામાં આવશે નહિ.

રાષ્ટ્રીય દરિયાપારની શિષ્યવૃત્તિઓની અરજી મેળવવાનું સમગ્ર વર્ષ દરમિયાન ખુલ્લું રહેશે, આમ છતાં યોજનાની ટૂંકી માહિતી સાથે વખતો વખત યોજના રાષ્ટ્રીય સમાચાર પત્રોમાં જાહેર કરવામાં આવશે. મળેલ અરજી વખતો વખત ચકાસણી સમિતિ દ્વારા ચકાસવામાં આવશે. ચકાસણી સમિતિ દ્વારા તૈયાર થયેલ ઉમેદવારોની ટૂંકી યાદી પસંદગી સમિતિ સમક્ષ મૂકવામાં આવશે પસંદગી સમિતિ દ્વારા વ્યક્તિગત ઉમેદવારના શૈક્ષણિક લાયકાતો અને અનુભવના મૂલ્યાંકનને આધારે ગુણવત્તા યાદી આખરી અને નિર્ણાયક રીતે ગુણવત્તા નક્કી કરવા પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરશે, એક કે વધુ ઉમેદવારે વચ્ચે ગાંઠ પડતા જેની ઉંમર વધુ હશે તેને માધ્યમિક શાળા પ્રમાણપત્રમાં નોંધાયેલ જન્મ તારીખ અનુસાર અન્ય કરતા ઉપર મૂકવામાં આવશે.

. ચકાસણી સમિતિ અને પસંદગી સમિતિનું બંધારણ ભારત પસંદગી સમિતિનું બંધારણ ભારત સરકાર નક્કી કરશે દિવ્યાંગજન અધિકારિતા વિભાગમાં શિષ્યવૃત્તિ યોજનાનો હવાલો ધરાવતા સંયુક્ત સચિવ પસંદગી સમિતિના અધ્યક્ષ રહેશે અને નિયામક સભ્ય સચિવ રહેશે.

૧૭.૧૯. મુસાફરી સહાય

અહીં આપવામાં આવેલ બોલીઓ અને શરતો અનુસાર દિવ્યાંગ વિધાર્થીઓ માટેની "રાષ્ટ્રીય દરિયા પારની શિષ્યવૃત્તિ" ઉપરાંત દિવ્યાંગ વિધાર્થીઓ માટે વર્ષમાં "મુસાફરી સહાય" ની પણ જોગવાઈ છે, જે આખું વર્ષ ખુલ્લી રહેશે.

ફક્ત એવાજ દિવ્યાંગ વિધાર્થીઓ જેઓને અનુસ્નાતક અભ્યાસક્રમ માટે સંશોધન અથવા તાલીમ જે વિદેશમાં હોય તે માટે ગુણવત્તા શિષ્યવૃત્તિ મળતી હોય (સૅમિનાર, વર્કશૉપ, અને કૉન્ફરન્સમાં હાજરી આપવા સિવાય) અને અન્ય કોઈ યોજના હેઠળ કે વિદેશી સરકાર તરફથી હોય અને જેમાં મુસાફરી ખર્ચની જોગવાઈ ન હોય તેઓ અરજી કરવા પાત્ર રહેશે.

ઉમેદવારો પાસે અનુસ્નાતક અથવા વિજ્ઞાન વિદ્યા શાખામાં અને તાંત્રિક કે ઇજનેરીમાં પદવી સમક્ષ હોવી જોઈએ "રાષ્ટ્રીય દરિયા પારની દિવ્યાંગ વિધાર્થી માટેની શિષ્યવૃત્તિ" તે યોજનામાં જણાવેલ પાત્રતાની શરતો અન્યથા સમાન રહેશે.

પસંદ થયેલ ઉમેદવારો માટે રાષ્ટ્રીય પરિવહન મારફતે કરવામાં આવેલ વ્યવસ્થા મુજબ ટૂંકા અંતરનું ઈકોનોમી વર્ગનું વિદેશમાં ગતવ્ય

સ્થળથી ભારતમાં પાછા ફરવાનું વિમાન ભાડું પૂરું પાડવામાં આવશે જે ઉમેદવારો અગાઉથી વિદેશ પહોંચી ગયા છે તેઓને મુસાફરી સહાય માટે વિચારણામાં લેવામાં આવશે નહિ. સંભવિત ઉમેદવારો એ દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગની મુસાફરી સહાય માટે અરજી કરવા અરજી પત્રક મેળવવા સંપર્ક કરે.

૧૭.૨૦) શિષ્યવૃત્તિની રકમની વહેંચણી DBP મારફતે લાભાર્થીના બેંક ખાતામાં દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ શિષ્યવૃત્તિની રકમ મોકલશે આમ છતાં સંબંધિત ભારતીય દૂતાવાસ / પરદેશના ઉચ્ચ આયુક્ત પાસેથી અભ્યાસ કરવાની સંસ્થાઓ / કોલેજ / વિશ્વ વિધ્યાલયની અધિકૃતતા / માન્યતા ચકાસવા અહેવાલો મેળવશે, અન્ય ભથ્થા શિક્ષણ ફી અને વાર્ષિક નિભાવ ભથ્થું છૂટું કરતા પહેલા ભારતીય દૂતાવાસ / ઉચ્ચ આયુક્ત મારફતે સંબંધિત કોલેજ / સંસ્થા / વિશ્વ વિદ્યાલય પાસેથી વિધાર્થીઓના પ્રગતિ અહેવાલો મેળવશે.

૧૭.૨૧) યોજના હેઠળ ચૂક

વિદેશમાં અભ્યાસ કરનાર વિધાર્થી તેના દ્વારા રજુ કરવામાં આવેલ ખતની કોઈ બોલીઓ કે શરતોનો ભંગ કરે અથવા શૈક્ષણિક સંસ્થા / વિશ્વ વિદ્યાલય ભારતમાં વિદેશી દુતાવાસને વિધાર્થીના અભ્યાસ અંગે વિરુદ્ધ અહેવાલો આપે અને અથવા વર્તણુંક અંગે જણાવે અને અથવા ઉમેદવાર અન્ય દેશમાં જવા માટે દેશ છોડે કે નાસી જાય કે અભ્યાસક્રમ કે અન્ય વિશ્વ વિદ્યાલયમાં / કાર્યક્રમમાં જોડાય અને વિદેશના ભારતીય દુતાવાસને આગોતરી જાણ કર્યા સિવાય મુશ્કેલીમાં ભારત પરત ફરે તો તે કે તેણીને

કસુર વાર જાહેર કરવામાં આવશે તો તેના પર ખર્ચ કરવામાં આવેલ રકમ વાર્ષિક ૧૨% ના વ્યાજ સાથે સંપૂર્ણ રકમ પરત કરવા જવાબદાર ઠરશે અને આવી પરત કરવાની માંગણી કરવાની તારીખથી છ મહિનામાં રકમ પરત ચુકવવા નિષ્ફળ જશે તો શિક્ષાત્મક વ્યાજ જે ૨.૫% હશે જે ઉપરોક્ત બાકી રકમ પર સામાન્ય દરે વ્યાજ કરતા વધુ હશે તે વસુલવામાં આવશે. ભારત સરકારે નક્કી કર્યા મુજબ જો શિષ્યવૃત્તિ મેળવનાર આવી રકમ વ્યાજ સાથે પરત કરવામાં નિષ્ફળ જાય તો તે કે તેણીના જમીનો જેમણે જામીનગીરીઓ રજુ કરી હોય તેઓ સંપૂર્ણ રકમ આપવા જવાબદાર રહેશે, અને જો નિષ્ફળ જશે તો સંબંધિત જીલ્લાના જીલ્લા કલેક્ટર જમીન મહેસૂલ ની બાકી રૂપે રકમ વસૂલ કરશે.

૧૭.૨૨) ખોટી માહિતી પૂરી પાડવી

જો કોઈ ઉમેદવાર કોઈ ખોટી માહિતી/દસ્તાવેજ પૂરા પાડેલ હોય ને તે ખોટી હોવાનું સાબિત કરવાનું હોય તો તે કે તેણીને શિષ્યવૃત્તિ અમલ માંથી બાકાત કરવામાં આવશે અને જો તે કે તેણીએ શિષ્યવૃત્તિ મેળવી લીધેલ હોય કે મેળવનાર હોય તો વપરાયેલ રકમ પર ૧૫% ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે રકમ વસૂલ કરવા પગલાં લેવામાં આવશે. આવા ઉમેદવાર ભવિષ્ય માટે કાળી યાદીમાં મુકાશે અને નોકરીમાં જોડાયેલ ઉમેદવાર તેવા કૃત્ય માટે ખાતાકીય પગલાનો સામનો કરવો પડશે જેને માટે ભારત સરકાર સંબંધિત નોકરી દાતા સાથે બાબત હાથ પર લેશે. આથી સંબંધિત નોકરી દાતાને પણ વિનંતી કરવામાં આવે છે કે આ મંત્રાલયને તેઓના કર્મચારીઓની અરજી મોકલતા પહેલા કાળજીપૂર્વક તેણી વિગતો વાંચો નોકરી દાતાઓ

તેઓના નિયમો અને વિનિયમ અનુસાર યોગ્ય લાગે તે રીતે તેમના દ્વારા નોકરીમાં રાખવામાં આવેલ કર્મચારીઓને જામીન ખર્ચ રજુ કરવા ભારપૂર્વક જણાવવા મુક્ત છે.

૧૭.૨૩ (૧) જાહેરાતમાં નિર્દિષ્ટ કરેલ અરજી મેળવવાની છેલ્લી તારીખે કે તે પહેલા વિભાગને મળે તે રીતે નોકરી દાતા "ના વાંધા પ્રમાણપત્ર" સાથે જે ઉમેદવારો નોકરીમાં જોડાયેલ હોય તેમણે તેઓના નોકરી દાતા મારફતે તેઓની અરજી મોકલવાની છે.

(૨) આખરી પસંદ થયેલ ઉમેદવારો એ માત્ર પસંદગીના પાત્રની તારીખથી ત્રણ વર્ષમાં વિદેશની અધિકૃત સંસ્થા / વિશ્વ વિદ્યાલયમાં પ્રવેશ લઇ જોડાવાનું છે. આ નિયમ સમય પૂરો થતા શિષ્યવૃત્તિનો આપોઆપ રદ થશે અને અંત આવશે. યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવવા સમય મર્યાદાના વધારવા માટે વિનંતી કરવાની પરવાનગી નથી.

(૩) પસંદ થયેલ ઉમેદવારે બિન-અદાલતી સ્ટેમ્પ પર નોટરી સમક્ષ બે જામીન સાથે જેઓ અલગ રીતે ભારત સરકારે વિધાર્થી પર ખર્ચ કરવાની ખરેખર રકમ અથવા (રૂ.૫૦,૦૦૦) જે વધુ હોય તેનું ખત રજુ કરે તે સાથે જામીન ખત રજુ કરવાનું રહેશે. દરેક જામિનખત સ્પષ્ટપણે નિર્દેશ કરશે અને ભારતીય ચલણમાં અંદાજીત ખર્ચ જે પ્રવાસ ખર્ચ, ફી, નિભાવ અને આકસ્મિક ખર્ચા, વૃતીકાઓ અને અન્ય પરચૂરણ ખર્ચાઓ જે વિદેશમાં શિષ્યવૃત્તિ મેળવનારના સંપૂર્ણ સમયગાળા દરમિયાન કરવામાં આવે તે ખર્ચાઓ આવરી લેશે તે જો યોજનાની જોગવાઈ હેઠળ દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ શિષ્યવૃત્તિ લેનારને કસૂરવાર જાહેર કરે

તેવા કિસ્સામાં જામીન આપનાર દ્વારા સંયુક્ત રીતે કે વ્યક્તિગત રીતે ચુકવવા પાત્ર બનશે. ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તે રીતે ખતની ભાષા નક્કી થશે અને તે ઉમેદવારને સ્વીકાર્ય રહેશે. પસંદ થયેલ ઉમેદવારો એ સંબંધિત રાજ્યના મહેસૂલ વિભાગે બંને જમીનદારોના માટે આપેલ સધ્ધરતા પ્રમાણપત્ર આપવું પાડશે.

૪) પસંદ થયેલ ઉમેદવારે આ વિભાગ અને વિદેશ ભારતીય મિશનને વિદેશના પ્રવર્તમાન કાયદાઓ અનુસાર જામીન ખત રજુ કરવાનું રહેશે કે યોજના હેઠળ શિષ્યવૃત્તિનો સમયગાળો અથવા અભ્યાસક્રમ પૂરો થવા ઉપરાંત વિદેશમાં રોકાણનું લંબાણ બેમાંથી જે વહેલું હશે તે પરવાનગી પાત્ર રહેશે નહિ. શિષ્યવૃત્તિ મેળવનાર ઉમેદવાર જે સમયગાળા માટે શિષ્યવૃત્તિ આપવામાં આવી હોય તે ઉપરાંત વિદેશમાં રોકાણ લંબાવવા માટે માંગણી કરશે નહિ જામીન ખર્ચની ભાષા ભારત સરકાર દ્વારા નક્કી થાય તે પ્રમાણે ઉમેદવારને સ્વીકાર્ય રહેશે.

૫) જે અભ્યાસક્રમ કે સંશોધન માટે શિષ્યવૃતિ આપવામાં આવી હોય તેમાં ઉમેદવાર ફેરફાર કરશે નહિ.

૬) ઉમેદવાર બાંહેધરી આપશે કે દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ અને વિદેશના સંબંધ ભારતીય મિશન સાથે તે તેના વિશ્વ વિદ્યાલયને માહિતીમાં સહભાગી કરવા પરવાનગી આપશે.

૭) પસંદ થયેલ ઉમેદવાર તેઓનો સંબંધિત અભ્યાસ તેઓની પસંદગીના દેશની વિશ્વ વિદ્યાલય/સંસ્થામાં કરી શકે જેની સાથે ભારતને

રાજદ્વારી સંબંધો હોય પરંતુ આ ભારત સરકારની અગાઉથી મંજૂરીને આધીન રહેશે, જેનો નિર્ણય આખરી અને પડકારી ન શકાય તેવો રહેશે. યોજનામાં નિર્દિષ્ટ ક્ષેત્રો કે કાર્યક્રમોમાં અધિકૃત સંસ્થા કે વિશ્વ વિદ્યાલયમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારો એ જાતે જ પ્રયત્નો કરવાના રહેશે.

૮) પરણિત ઉમેદવારો તેમની પત્ની અને બાળકોને સાથે લઇ જવા કે અભ્યાસના સમયગાળા દરમિયાન પાછળથી જોડાવા માટે નિર્ણય લે તેવા કિસ્સામાં પાસપોર્ટ, વિઝા તેમજ તેઓ માટેની નાણાકીય સંસ્થા અને પ્રાપ્યતા સંપૂર્ણપણે તેમના પર રહેશે, કારણ કે તેઓના બાળકો અને પત્ની માટે નાણાકીય સહાય અથવા અન્ય કોઈ સહાય આપવાની જોગવાઈ યોજના હેઠળ નથી.

૯) નોકરી કરતા હોય તે સંસ્થાના નિયમ મુજબ બધી જ વહીવટી બાબતો જેવી કે અભ્યાસ રજા પગાર વિગેરે ઉમેદવારે તે કે તેણીના નોકરી દાતા સાથે પતાવવાની રહેશે. આ સંદર્ભમાં દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ મદદ આપવા જવાબદારી લેશે નહિ.

૧૦) ઉમેદવારને ભારતમાં આવેલ તેના નિવાસ સ્થાને તાત્કાલિક હાજરી આપવાનું જરૂરી હોય તેવા કિસ્સામાં ભારતીય મિશનને અને જ્યાં અભ્યાસ કરતો હોય તે શૈક્ષણિક સંસ્થાને જાણ કર્યા બાદ શિષ્યવૃત્તિ લેનારને ચોક્કસ હેતુ માટે ભારત પરત ફરવાની પરવાનગી આપવામાં આવશે. આમ છતાં શિષ્યવૃત્તિ લેનારે આવી મુલાકાતનું આવા જવાનું ભાડું પોતે ભોગવવાનું રહેશે અને યોજના હેઠળ વિદેશની શૈક્ષણિક સંસ્થા માંથી દૂર જવાના સમય માટે નિભાવ ભથ્થું મેળવવા પાત્ર રહેશે નહિ, અને તેજ

સંસ્થાના તેજ અભ્યાસક્રમ ફરી શરુ કરવાની તારીખથી નિભાવ ભથ્થું વિભાગ દ્વારા ચુકવવામાં આવશે. ઉમેદવાર તેણી ઘરની પરિસ્થિતિ પૂરી કરીને જેમ બને તેમ જલ્દી તેણી શૈક્ષણિક સંસ્થાની જગ્યાએ પરત ફરશે અને જો તેમાં નિષ્ફળ જશે તો તેને કરજદાર જાહેર કરવામાં આવશે અને તેણી સામે વસૂલાતની કાર્યવાહી શરુ કરવામાં આવશે.

૧૧) સર્વે ઉમેદવારો ને રાષ્ટ્રીય દરિયા પારની શિષ્યવૃત્તિ મેળવ્યા બાદ, ભારત પરત ફરવું જરૂરી છે , અને કોઈ પણ સંજોગોમાં ભારત સરકારની કોઈ સંબંધિત સત્તા દ્વારા ભારત પાછા ફરવાનું બંધન નથી તે પ્રમાણપત્ર તેઓને આપવામાં આવશે નહિ. ભારત પાછા ફર્યા બાદ શિષ્યવૃત્તિ લેનારે ભારત પાછા ફર્યા અંગે વિભાગને જાણ કરવી જરૂરી છે.

૧૨) ભારત પાછા ફરતા ઉમેદવારે સરકારમાં ઓછામાં ઓછું પાંચ વર્ષ

સેવા આપવાની રહેશે જો ભારત પાછા ફર્યા બાદ તે સરકારી સેવામાં ચાલુ રહે તો, કારણ કે વિદેશ જતા પહેલા યોજના હેઠળ તેણે શિષ્યવૃત્તિ મેળવેલ હતી.

૧૩) યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવીને જ્યાં અભ્યાસ કરવાનો ઉમેદવાર ઈરાદો ધરાવે તે દેશના યોગ્ય વિઝા મેળવવાનું ઉમેદવારને શિરે રહેશે. અને વિઝા આપનાર સત્તા એ જુએ કે એવા જ પ્રકરના વિઝા આપવામાં આવે જે ઉમેદવારને વિદેશમાં ચોકકસ અભ્યાસક્રમ કરવા માટે જ પરવાનગી આપે અને ત્યારબાદ ઉમેદવાર ભારત પાછો ફરે વિઝા મેળવવા માટે ઉમેવારને ભારત સરકાર કોઈ સહાય કરશે નહીં.

૧૪)	ભારત સરકાર દ્વારા વખતો વખત નક્કી કર્યા મુજબ વિદાય પહેલાં પસંદ થયેલ આવે તે ઉમેદવારોએ એવા બધાજ દસ્તાવેજો રજુ કરવાના રહેશે અને કરાર કરવાના રહેશે.

૧૫)	દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ કે તેના વતી કામ કરતી કોઈ સંસ્થા માંથી ઉમેદવારે વધુ ચુકવણું મેળવ્યું હશે તો તે ભારત સરકારને પરત કરવા જવાબદાર રહેશે તે કે તેણીના નોકરી દાતા ભારત સરકારની વિનંતી પર તે કે તેણીના બાકી લેણ માંથી અને તે ભારત સરકારને પરત કરવા તે કે તેણીના નોકરી દાતા અધિકૃત છે.

૧૫)	સમયના પ્રવાહમાં જે કઈ બાબતો ઉદભવે તેમાં ભારત સરકારનો નિર્ણય આખરી રહેશે.

૧૭)	જ્યાં ઉમેદવાર અભ્યાસ કરતો હોય તે સંખ્યા / વિશ્વવિદ્યાલય વિદેશના ભારતીય મિશન મારફતે છ માસિક પ્રગતિ અહેવાલ રજુ કરશે ઉમેદવારના કિસ્સામાં એવી ગંભીર વિરુદ્ધ ગતિવિધિ અંગે મિશન આ મંત્રાલયને જાન કરશે કે જેને લઈને ઉમેદવારને શિષ્યવૃત્તિ આગળ ચાલુ રાખવા અંગે નિર્ણય લેવો પડે. આમ છતાં તેઓના ઉપરોક્ત છ માસિક પ્રગતિ અહેવાલમાં યોગ્ય જણાઈ n હોય તેવી સિધ્ધિઓમાં સુધારો કરવા ગંભીર પ્રયત્નો કરે તે માટે સલાહ આપવાનું મિશન ચાલુ રાખશે, અને તેઓને યાદ અપાવશે કે યોજના હેઠળની નાણાકીય મદદ યોજના હેઠળ નિયત કરેલ સમયથી વધુ સમય માટે વધારી શકાય તેમ નથી.

૧૪)	જે અભ્યાસક્રમ કે સંશોધન માટે શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી હોય તેમાં ઉમેદવાર ફેરફાર કરશે નહિ. આમ છતાં એવી પરિસ્થિતિ ઉભી થાય જેમાં સંસ્થા/વિશ્વવિદ્યાલયમાં ઉમેદવાર PHD કરતો હોય જ્યાં તે નોંધાયેલ હોય ત્યાં ગંભીર પરિસ્થિતિનો સામનો કરે જેમાં તેના માર્ગદર્શન છોડી જાય અને તાત્કાલિક દૂર બદલ ન થાય અથવા ઉમેદવાર જે ક્ષેત્રમાં PHD સશોધન કાર્ય કરતો હોય તેમાં સંસ્થા/વિશ્વવિદ્યાલયે સંશોધન સહાય સગવડો બંધ કરી હોય તો આવા કેસોમાં વિદેશના ભારતીય મિશનને આવા ઉમેદવારોને સંસ્થા / વિશ્વવિદ્યાલય બદલવા એવી જરૂરિયાત અંગે મિશનને સંતોષ થાય તો પરવાનગી આપવા માટે અધિકૃત છે. આમ છતાં તે એ શરતને અધીન રહેશે કે ઉમેદવાર દ્વારા શરૂઆતની સંસ્થા/વિશ્વ વિદ્યાલય, જેણે પ્રતિષ્ઠા મેળવી હશે તે બીજી સંસ્થા / વિશ્વવિદ્યાલય દ્વારા તબીબી માટે સ્વીકારવામાં આવશે અને આવી તબદીલી થતા શિષ્યવૃત્તિનો ફૂલ સમયગાળો બદલાશે નહિ, જેની માત્ર શિષ્યવૃત્તિના સમય દરમિયાન માત્ર એકજ વાર પરવાનગી અપાશે.

૧૯)	આ વિભાગે રચેલ પસંદગી સમિતિ અનુસ્નાતક કાર્યક્રમ કે **PHD** કરવા માટે નક્કી વિષય માંથી ચોક્કસ વિષય માટે, સંભવિત ઉમેદવારને પસંદ કરશે, અને ઉમેદવારને, તેણી શિષ્યવૃત્તિમાટે પસંદગી થવાની તારીખથી જાણ કર્યાની તારીખથી ત્રણ વર્ષનો સમય આપવામાં આવશે.

૨૦)	યોજના હેઠળ અભ્યાસક્રમ માટે પસંદ થયે વિદેશ જતા પહેલા ઉમેદવારે આ વિભાગને કબૂલાતમાં રજુ કરવાનું છે કે તે/તેણીએ દરમિયાનમાં કોઈ લાયકાત મેળવેલ  નથી કે તેણે/તેણીe કોઈ ભારતીય

વિશ્વ વિદ્યાલય માંથી લાયકાત મેળવવા માટે આખરી શોધ નિબંધ રજુ કરેલ છે. ઉમેદવાર પાસેથી આ પ્રકારનું કબુલાતનામું મળતા આ વિભાગ યોગ્ય રીતે નક્કી કરશે કે યોજના હેઠળ ઉમેદવારને શિષ્યવૃત્તિ આપવી કે નહિ અને ઉમેદવાર વિદેશ પ્રમાણ તે નિર્ણયને આધારિત રહેશે.

૨૧) ઉમેદવાર સફળતાપૂર્વક અભ્યાસ ક્રમ પૂરી કરવા અસમર્થ બને તેવા કિસ્સામાં અને ઉમેદવારના માર્ગદર્શક/વિભાગના વડા એવું પ્રમાણિત કરે કે અભ્યાસમાં ઉમેદવારે તે/તેણીની કટીબધ્ધતામાં/સમર્પણમાં / કે ધ્યાનમાં ઉણપ દર્શાવી નથી તો વિભાગને તે તેણીને યોજના હેઠળ કસૂરવાર ના શિક્ષાત્મક પાસા માંથી મુક્તિ આપવા હક રહેશે. આવા સર્વે કેસોમાં દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ ઈકોનોમી વર્ગમાં ટૂંકમાં ટૂંકા અંતરનું ભારત પરત કરવાનું ભાડું આપશે.

૨૧) સફળતાપૂર્વક અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ ઉમેદવાર વિદેશમાં એક માસ કરતા વધુ રોકાણ કરે અને સ્વ ખર્ચે ભારત પરત કરે તો તે/તેણીને ભારત પરત કરવાનો તેણે/તેણી કરેલ ખર્ચ પરત મળવા પાત્ર થશે નહિ. સામાન્ય સંજોગોમાં અભ્યાસક્રમ પૂરો થયે તરતજ દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ યોજનામાં જણાવ્યા પ્રમાણે ઉમેદવારની પરત મુસાફરીનું ખર્ચ કરે છે અને આ રીતે અભ્યાસક્રમ પૂરો થયે, કોઈપણ વિષયે હોવું સિવાય ઉમેદવાર એક માસ કરતા વધુ સમય માટે રોકાતા ઉમેદવારો, સરકારને ખર્ચ પરત આપવાનો તેમનો દાવો ગુમાવશે.

૨૨) ઉમેદવારે, વિદેશના ભારતીય મિશન અને આ વિભાગને પણ તેમના ભારત પરત આપવાની આગોતરી જાણ કરવી જરૂરી છે. જો જરૂરી

હોય તો, આ વિભાગ અન્ય વિભાગ/સંસ્થાઓના પરામર્શમાં ઉમેદવારોના સંબંધમાં તેવી પરિસ્થિતિઓ અને સંયોગમાંથી ઉદભવતાં પ્રશ્નો જે અણધાર્યા પ્રકારના હોય અને આ તબીબ યોજના હેઠળ આવરી લેવાયેલ ન હોય તે અંગે નિર્ણય લેશે અને વિભાગનો નિર્ણય ઉમેદવારો માટે આખરી અને બંધનકર્તા રહેશે.

૧૮) દિવ્યાંગ વિધાર્થીઓ માટે નિઃશુલ્ક અનુ શિક્ષણ (સરકારી નોકરીઓ અને તાંત્રિક અને વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશમાં જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવા માટે

૧૮.૧) હેતુઓ

૪૦% કરતા ઓછી અથવા વધારે દિવ્યાંગતા ધરાવતા આર્થિક રીતે ગેર લાભાર્થીઓને અનુ શિક્ષણ પૂરું પડી સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવા સક્ષમ બનાવવા અને ખાનગી ક્ષેત્ર / જાહેર સરકારી ક્ષેત્રમાં યોગ્ય નોકરીઓ મેળવવા સફળ થવા માટે.

૧૮.૨) અનુ શિક્ષણ માટેના અભ્યાસક્રમો જેના માટે અનુ શિક્ષણ આપવામાં આવશે તેવા અભ્યાસક્રમો નીચે જણાવ્યા મુજબ છે.

૧) ગ્રુપ-એ અને બી ની જગ્યાઓ માટે વિવિધ રેલવે ભરતી મંડળો અને સ્ટાફ સિલેકશન કમિશન તેમજ કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા હાથ ધરવામાં આવતી ભરતી પરીક્ષામાં.

૨)	સંબંધિત રાજ્યોમાં ગ્રુપ-એ અને બી ની જગ્યાઓ માટે રાજ્ય જાહેર સેવા આયોગ દ્વારા હાથ ધરવામાં આવતી ભરતી પરીક્ષા

૩)	અધિકારી કક્ષાની જગ્યાઓ માટે જાહેરક્ષેત્રના સાહસો સરકારી વીમા કંપનીઓ રાષ્ટ્રીય કૃત બેંકો, બેંક કર્મચારીઓની પસંદગી સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવતી ભરતી પરીક્ષા

૪)	એ) એન્જિનિયરિંગ (દા.ત. I.I.T.A.G.)

બી) તબીબી (દા.ત. નીટ)

સી) વ્યાવસાયિક અભ્યાસક્રમ જેવા કે મેનેજમેન્ટ (દા.ત. કેટ) અને કાયદો (દા.ત. ક્લેટ) અને મંત્રાલય વખતો વખત નક્કી કરે તેવી આવી અન્ય વિદ્યાશાખાઓ પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા

૧૮.૩)	અમલીકરણ કરતી સંસ્થાઓ / નીચેના દ્વારા ચાલતી પ્રખ્યાત અનુ શિક્ષણ સંસ્થાઓ/કેન્દ્ર મારફતે નિઃશુલ્ક અનુ શિક્ષણ અમલી બનશે.

૧)	કેન્દ્ર સરકાર/ રાજ્ય સરકાર/ કેન્દ્ર શાસિત પ્રદેશો અને જાહેર ક્ષેત્રના સાહસો અથવા તે હેઠળની સ્વાયત્ત સંસ્થાઓ

૨)	ખાનગી વિશ્વ વિધાલયો અને માની લીધેલ વિશ્વ વિદ્યાલય સાથે વિશ્વ વિધાલયો (બંને કેન્દ્ર, રાજ્ય સરકાર હેઠળના) અને

૩)	નોંધાયેલ ખાનગી સંસ્થાઓ / સ્વૈચ્છિક સંસ્થાઓ

૧૮.૪)	આવક મર્યાદા

બધાજ સ્રોતો માંથી વાર્ષિક રૂપિયા ૬ લાખની કૌટુંબિક આવક ધરાવતા દિવ્યાંગ વિધાર્થીઓ માત્ર આ યોજના હેઠળ અરજી કરવા પાત્ર રહેશે.

૧૮.૫) અનુ શિક્ષણ આપતી સંસ્થાઓની યાદીમાં સામેલ થવા માટે અરજી કરવા માટે પાત્રતાનું ધોરણ

૧) કંપની ધારો ૨૦૧૩ / સોસાયટી નોંધણી અધિનિયમ, ૧૮૬૦ હેઠળ અથવા રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશના કોઈ સંબંધિત કાયદા હેઠળ નોંધાયેલ કોઈ સંસ્થા દ્વારા ચાલતી કે નોંધાયેલ સંસ્થા હોવી જોઈએ.

૨) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા યાદી ઉપર મુકાવા માટે રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશો / અનુ શિક્ષણ આપતી સંસ્થાઓ પાસેથી અરજી મંગાવવાની જાહેર કરવામાં આવેલ તારીખે સંસ્થા ઓછામાં ઓછી ત્રણ વર્ષ માટે નોંધાયેલ હોવી જોઈએ.

૩) આ યોજના હેઠળ અરજી કરતી વખતે સંસ્થા ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી સંપૂર્ણ કાર્યરત હોવી જોઇશે અને યાદીમાં મૂકવાની અરજીમાં બે વર્ષ પહેલા યાદીમાં મૂકવા માટે અરજી કરી હોય તે વર્ષ પહેલાના તુરતજ ઓછામાં ઓછા બે વર્ષ માટે અનુ શિક્ષણ માટેના અભ્યાસક્રમોમાં દર વર્ષે ઓછામાં ઓછા ૧૦૦ વિધાર્થીઓ હોવા જોઇશે.

૪) જે અભ્યાસક્રમો માટે અરજી કરી હોય તેમાં અનુ શિક્ષણ પૂરું પાડવા બધીજ નિયત જરૂરિયાતો ને પહોંચી વળવા સંસ્થા પાસે યોગ્ય માળખું હોવું જોઈએ.

૧૮.૬) સિલેકશન સંસ્થાઓની પસંદગી

૧) અનુ શિક્ષણ આપતી સંસ્થાઓની યાદી અંગેની દરખાસ્ત પસંદગી સમિતિ દ્વારા વિચારણામાં લેવામાં આવશે અને તેઓના ભૂતકાળના અનુભવો અને અન્ય ધોરણો જે પસંદગી સમિતિ નક્કી કરે તેના આધારે પસંદગી માટે ભલામણ થશે.

પસંદગી સમિતિની ભલામણોને આધારે દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા અનુ શિક્ષણ પુરું પાડવા માટે સંસ્થાઓની આકરી પસંદગી થશે પસંદગી સમિતિનું બંધારણ નીચે મુજબ છે.

એ) સંયુક્ત સચિવ (દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ-૨ અધ્યક્ષ)

બી) નાણાકીય સલાહકાર દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ અથવા નાયબ સચિવ / નિયામક કક્ષાની નીચેના ન હોય તેવા પ્રતિનિધિ- સભ્ય

સી) સંયુક્ત સચિવ ઉચ્ચ શિક્ષણ વિભાગ – સભ્ય

ડી) વિભાગ નક્કી કરે તેવા ક્ષેત્રો માંથી બે પ્રતિનિધિઓ (વિષય નિષ્ણાત - સભ્ય

ઈ) સંબંધિત નિયામક નાયબ સચિવ દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ- સંયોજન

૨) ઉપર જણાવેલ અભ્યાસક્રમોમાં કુશળતાનો પૂર્વ ઈતિહાસ ધરાવતી અનુશિક્ષણ આપતી ખ્યાતનામ સંસ્થાઓની રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશો, યાદી પૂરી પાડશે (૧૦ થી વધુ નહીં.)

૩)   રાજ્યો પાસેથી મળેલ દરખાસ્ત ઉપરાંત ઉપર પેટા-ફકરા-(૧) માં જણાવ્યા પ્રમાણે પસંદગી સમિતિ, અનુશિક્ષણ આપવામાં સારી કામગીરી કરનાર, સારી ખ્યાતિ ધરાવનાર સંસ્થાઓની પણ યાદીમાં મૂકવા માટે ભલામણ કરી શકે.

૪)   અનુશિક્ષણ આપતી સંસ્થાઓની યાદી મળતો, દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા સંસ્થાઓને યોજનાની જરૂરિયાતની પૂરતીમાં વિગતવાર દરખાસ્ત માગ્યા મુજબ તેઓની કામગીરીના અહેવાલ સાથે રજુ કરવા વિનંતી કરવામાં આવશે.

૫)   રાજ્યમાં એક કરતા વધુ શાખા ધરાવનાર પ્રખ્યાત સંસ્થાઓને એકાદ સંસ્થાઓ કરતા અગ્રતા આપવામાં આવશે.

૬)   સંસ્થાઓ / કેન્દ્ર શાસિત પ્રદેશો/ રાજ્ય સરકારો પાસેથી દરખાસ્તની કાર્યક્રમ વિભાગ પ્રાથમિક ચકાસણી કરશે અને જેઓ પ્રથમ દ્રષ્ટિએ પાત્રતાના ધોરણો સંતોષતી હશે અને બધાની નિયત દસ્તાવેજો ધરાવતી હશે તેવી સંસ્થાઓની ટૂંકી યાદી તૈયાર કરશે. આવી ટૂંકી યાદી માની દરખાસ્ત પસંદગી સમિતિ સમક્ષ મૂકવામાં આવશે.

૭)   એકવાર પસંદ થયેલ સંસ્થાઓ, વપરાશ પ્રમાણપત્ર, અભ્યાસક્રમનો સમયગાળો, શિષ્યવૃત્તિની સંખ્યા, વહેંચણીની વારંવાર, ફી નું માળખું, યાદી પર મૂકવાની બોલીઓ અને શરતો, ચાલતા, અભ્યાસક્રમના સંબંધમાં દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ સાથે કરાર કરવાનો રહેશે.

૮)	પસંદ થયેલ અનુશિક્ષણ આપતી સંસ્થાઓ ત્રણ વર્ષ માટે, તેઓના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ સાથેના કરારને અધીન, ત્રણ વર્ષના સમય માટે યાદી પર મૂકે.

નોંધ : યોજનાનો વિશાળ પ્રચાર માટે અનુશિક્ષણ આપતી સંસ્થાઓ સ્થાનિક અખબારોમાં જાહેરાત આપશે અને યોજનાની જોગવાઈ મુજબ પાત્ર દિવ્યાંગ વિધાર્થીઓ પાસેથી અરજી આવકારશે.

૧૮.૭) ભંડોળ આપવાની પધ્ધતિ :

૧)	પસંદ થયેલ દિવ્યાંગ વિધાર્થીના અનુશિક્ષણ માટે કરવામાં આવેલ સંપૂર્ણ ખર્ચ, સંબંધિત સંસ્થા સાથે કરવામાં આવેલ કરારની શરતો અને બોલીઓ મુજબ વિભાગ ભંડોળ ફાળવેલ.

૨)	અનુદાનના સ્વરૂપમાં સંબંધિત અનુશિક્ષણ સંસ્થા / કેન્દ્રને સીધે સીધા ફી નો ભાગ છુટો કરવામાં આવશે

૩)	દર વર્ષે બે સરખા હપ્તામાં અનુદાન સંસ્થાઓને છુટું કરવામાં આવશે.

૪)	યાદી પર મૂકાયા બાદ તરતજ સંસ્થાઓને પ્રથમ હપતો છૂટો કરવામાં આવશે. આમ છતાં બીજો હપતો સંસ્થાને વપરાશ પ્રમાણપત્ર કરેલ ખર્ચની વિગતો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત ઓડિટેડ હિસાબો, ચલાવતા અભ્યાસક્રમોની વિગતો, અને અનુશિક્ષણ આવેલ વિધાર્થીઓની સંખ્યા રજુ કર્યા બાદ છૂટો કરવામાં આવશે.

૫) પ્રથમ વર્ષ પૂરું થયા બાદ પછીના વર્ષ માટેનું ભંડોળ સંસ્થાને છુટું કરતાં પહેલા, સંસ્થાની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવશે. દર વર્ષે ભંડોળ છુટું કરવાનું આગળના વર્ષમાં સંસ્થાની કામગીરી પર આધાર રાખશે.

૬) યાદી પરની અનુશિક્ષણ આપતી સંસ્થાઓની બીજા અને ત્રીજા વર્ષનું ભંડોળ (અનુદાન), યોગ્ય વપરાશ પ્રમાણપત્ર અગાઉના વર્ષની અનુદાનથી અનુશિક્ષણ અપાયેલ વિધાર્થીઓની યાદી, અગાઉના વર્ષની અનુદાન અંગેના ઓડીટેડ હિસાબો અને અગાઉના વર્ષમાં અનુશિક્ષણ અપાયેલ વિધાર્થીઓની દેખાવ મળ્યા બાદ જ છૂટી કરવામાં આવશે.

૭) યાદી પરની સંસ્થાઓએ તેમની નોંધણી રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ (www.scholarships.gov.in) (જયારે જયારે પોર્ટલ આ યોજના માટે ચાલુ કરવામાં આવે) પર કરાવવાની રહેશે.

૮) અરજી રજુ કરવાની નિયત છેલ્લી તારીખ સુધીમાં અરજદારોe તેમની અરજીને લાઈન પદ્ધતિએ રજુ કરવી જોઇશે. બધાજ જરૂરી દસ્તાવેજો જેવા કે ફોટોગ્રાફ, ઉંમરનો પુરાવો, દિવ્યાંગતા પ્રમાણપત્ર, માતા-પિતાનું આવકનું પ્રમાણપત્ર વિગેરે નિયત પત્રકમાં યોગ્ય રીતે ભરીને ઑનલાઇન પદ્ધતિએ મૂકવાના રહેશે. [આમ છતાં, રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ મારફતે નિઃશુલ્ક અનુ શિક્ષણની યોજના ચાલુ થાય ત્યારે તેઓએ તેમની પસંદગીની યાદીપરની સંસ્થાને તેઓની અરજી ઑનલાઇન પદ્ધતિ મારફતે રજુ કરવાની રહેશે.

૯)	યાદી પરની સંસ્થાઓએ નિયુક્ત કરેલ મધ્યસ્થ અધિકારી અરજીઓની ચકાસણી કરશે અને કાર્યવાહી કરી, ખાસ ભથ્થા અને વૃતીકાની વહેંચણી માટે **PFMS** પોર્ટલમાં આખરી યાદી મોકલવાની રહેશે.

૧૦)	ઉમેદવારોને મળવાપાત્ર વૃતીકા અને ખાસ ભથ્થું જે દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા આધાર આધારિત **DBT** હેઠળ **PFMS** પોર્ટલ મારફતે તેઓના બેંક ખાતામાં સીધી રીતે ચૂકવાશે.

૧૮.૮)	અનુ શિક્ષણની ફી ની માત્રા

અનુશિક્ષણ ફી ની માત્ર દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ અને અનુશિક્ષણ આપતી સંસ્થાઓએ યાદી તૈયાર થવાના સમયે કરેલ કરાર મુજબની હશે.

૧૮.૯)	પાત્રતાનું ધોરણ અને ઉમેદવારોની પસંદગી

૧)	સંસ્થાએ જાતે જ નિયત કરેલ શૈક્ષણિક ધોરણને આધારે અનુશિક્ષણ આપતી સંસ્થા દ્વારા વિધાર્થીની પસંદગી થશે. આમ છતાં, કરારમાં દર્શાવીને સંસ્થા દિવ્યાંગ, ઉમેદવારો માટે આ ધોરણોમાં છૂટ આપી શકે.

૨)	આ યોજના હેઠળ તે/તેણી અનુશિક્ષણ મેળવી રહેલ હોય તે માટેની પરીક્ષામાં બેસવા ઉમેદવાર પાત્ર હોવો જોઈએ.

૩)	ચોક્કસ વિધાર્થી દ્વારા નિઃશુલ્ક અનુદાન હેઠળના લાભો મેળવી શકાય. એક કરતા વધુ વખત નહીં તે રીતે કોઈ ચોક્કસ સ્પર્ધાત્મક પરીક્ષામાં તેણે મળવાપાત્ર તકની સંખ્યાને ધ્યાને લીધા સિવાય.

અનુશિક્ષણ આપતી સંસ્થાએ પણ વિધાર્થીઓ પાસેથી બાંહેધરી લેવાની રહેશે કે તેઓએ  યોજના હેઠળ એકથી વધુ વખત લાભ મેળવેલ નથી.

૪)  કેન્દ્ર સરકાર હેઠળની અન્ય કોઈ યોજના અન્વયે જે ઉમેદવારો નિઃશુલ્ક અનુ શિક્ષણનો લાભ મેળવતા ન હોય તેઓ યોજના હેઠળ પાત્ર છે. અનુશિક્ષણ આપતી સંસ્થાઓએ પણ વિધાર્થીઓ પાસેથી બાંહેધરી લેવી જરૂરી છે કે તેઓએ કેન્દ્ર સરકારની અન્ય કોઈ યોજના હેઠળ નિઃશુલ્ક અનુ શિક્ષણનો લાભ મેળવેલ નથી.

૫)  આમ છતાં ઉપર ફકરા-(૩) માં જોગવાઈ હોવા છતાં જ્યાં પરીક્ષા બે ભાગમાં લેવાતી હોય, પ્રાથમિક અને મુખ્ય ત્યાં વિધાર્થી બંને ભાગની પરીક્ષા માટે નિઃશુલ્ક અનુશિક્ષણ મેળવવા પાત્ર બનશે. તેઓ તેમની સગવડ અનુસાર બંને પ્રાથમિક અને મુખ્ય પરીક્ષા માટે અલગ રીતે નિઃશુલ્ક અનુશિક્ષણ મેળવવા પાત્ર થશે. આમ છતાં જો ઉમેદવાર રૂબરૂ મુલાકાત માટે પસંદ થયેલ હશે તો રૂબરૂ મુલાકાતના અનુશિક્ષણ માટે તકોના સંખ્યા પર કોઈ નિયમન નથી.

૬)  હાજરી :-  જો કોઈ પણ વાજબી કારણ સિવાય ૧૫ દિવસથી વધારે દિવસો માટે વિધાર્થી ગેરહાજર રહે તેવા કિસ્સામાં દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગને આગોતરી જાણ હેઠળ વિધાર્થીના નિઃશુલ્ક અનુશિક્ષણના લાભ સમાપ્ત કરવામાં આવશે.

૭)	અનુશિક્ષણ સહાયની અવધિ :- પ્રથમ વર્ષ પૂરૂં થયે, જો વિધાર્થી બીજા વર્ષે અનુશિક્ષણ ચાલુ રાખેલા ઇચ્છે, તો તેણે અનુશિક્ષણ સહાય તાજી કરવા અરજી કરવાની રહેશે.

૧૮.૧૦) વૃતીકા :-

અનુશિક્ષણ વર્ષમાં હાજરી આપવા સ્થાનિક વિધાર્થી દીઠ રૂ. ૨૫૦૦/- (રૂ. બે હાજર પાંચસો) ની માસિક વૃતીકા ચુકવવામાં આવશે. તેજ રીતે બહારથી આવતા વિધાર્થીઓને દર મહિને ખાસ ભથ્થું રૂ. ૨૦૦૦/- (રૂ. બે હાજર પૂરા) વિધાર્થી દીઠ, વાચક ભથ્થું, રક્ષક ભથ્થું, મદદગાર ભથ્થું ચુકવવામાં આવશે.

૧૮.૧૧) સામાન્ય જોગવાઈઓ,

૧)	ઉમેદવારોની પસંદગી અને અનુ શિક્ષણનો સંપૂર્ણ પ્રગતિ નોંધ સંસ્થા જાળવશે.

૨)	સંસ્થાઓને છૂટી કરવામાં આવતી અનુદાન સહાય અંગે તેઓ દ્વારા અલગ હિસાબો રાખવામાં આવશે.

૩)	યોજનામાં દર્શાવેલ હેતુઓ માટે જ સંસ્થા અનુદાનનો ઉપયોગ કરશે. આ શરતોનો ભંગ કરનાર અનુદાન મેળવતી સંસ્થાના કિસ્સામાં સંસ્થા ૧૮% દંડનીય વ્યાજ સાથે મેળવેલ રકમ પરત કરવા જવાબદાર રહેશે અને અન્ય પગલાં જે યોગ્ય જણાશે તે માટે પણ જવાબદાર રહેશે.

૧૮.૧૨) દેખરેખ અને કામગીરીની સમીક્ષા

૧)    યાદી પર મૂકાયાના ત્રીજા વર્ષે અનુશિક્ષણ આપતી સંસ્થાઓની કામગીરીની સમીક્ષા થશે. નિઃશુલ્ક અનુશિક્ષણ હેઠળ દિવ્યાંગ વિધાર્થીઓને આપવામાં આવેલ અનુશિક્ષણના પરિણામોને અને અનુશિક્ષણ લીધેલ વિધાર્થીઓના સ્પર્ધાત્મક પરીક્ષામાં જેને માટે તે/તેણીએ અનુશિક્ષણ મેળવેલ છે, સફળતાના દરને આધારે મૂલ્યાંકન થશે

૨)    કોઈપણ યાદી પરની સંસ્થાનું વખતો વખત ફાવે તેમ નિરીક્ષણ/તપાસ કરવાનો હક દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ અનામત રાખે છે.

૩)જો અનુશિક્ષણ આપનાર સંસ્થાની કામગીરી કોઈ સમયે બિન-સંતોષકારક જણાય તો દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ નિઃશુલ્ક અનુશિક્ષણ હેઠળ ભંડોળ આપવાનું સમાપ્ત કરવાનો હક અનામત રાખે છે.

૧૮.૧૩) ખોટી માહિતી પૂરી પાડવી

જો કોઈ ઉમેદવારે ખોટી માહિતી/દસ્તાવેજ પૂરા પાડ્યા હશે તો તેણે શિષ્યવૃત્તિ માંથી બાકાત કરવામાં આવશે અને જે તે/તેણીએ તે મેળવી લીધેલ હશે કે મેળવી રહેલ હશે તે વપરાયેલ રકમ પર ૧૫% ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વસૂલાતની કાર્યવાહી શરુ કરવામાં આવશે. આવા ઉમેદવાર ભવિષ્ય માટે કાળી યાદીમાં પણ મૂકશે અને ઉમેદવાર સામે યોગ્ય કાનૂની પગલાં પણ લઇ શકાય.

*_*_*_*_*

જોડાણ-એલ

રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશો અનુસાર દિવ્યાંગ વિધાર્થીઓ માટે પ્રાપ્ય પ્રિ-મેટ્રિક, પોસ્ટમેટ્રિક અને ઉચ્ચ વર્ગના શિક્ષણ માટેની શિષ્યવૃત્તિઓ.

| ક્રમ | રાજ્ય | દિવ્યાંગ વસ્તી | સમગ્ર ભારતની દિવ્યાંગજન વસ્તી | પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ | પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ | ઉચ્ચ વર્ગના શિક્ષણ માટે શિષ્યવૃત્તિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | આંધ્રપ્રદેશ | ૧૨૧૯૭૮૫ | ૪.૫૫ | ૯૧૦ | ૭૭૩ | ૧૪ |
| ૨ | અરુણાચલ પ્રદેશ | ૨૬૭૩૪ | ૦.૧૦ | ૨૦ | ૧૭ | ૧ |
| ૩ | આસામ | ૪૮૦૦૬૫ | ૧.૭૯ | ૩૫૮ | ૩૦૪ | ૫ |
| ૪ | બિહાર | ૨૩૩૧૦૦૯ | ૮.૬૯ | ૧૭૩૯ | ૧૪૭૮ | ૨૫ |
| ૫ | છત્તીગઢ | ૬૨૪૯૩૭ | ૨.૩૩ | ૪૬૬ | ૩૯૬ | ૬ |
| ૬ | ગોવા | ૩૩૦૧૨ | ૦.૧૨ | ૨૫ | ૨૧ | ૧ |
| ૭ | ગુજરાત | ૧૦૯૨૩૦૨ | ૪.૦૭ | ૮૧૫ | ૬૯૩ | ૧૨ |
| ૮ | હરિયાણા | ૫૪૬૩૭૪ | ૨.૦૪ | ૪૦૮ | ૩૪૬ | ૬ |
| ૯ | હિમાચલ પ્રદેશ | ૧૫૫૩૧૬ | ૦.૫૮ | ૧૧૬ | ૯૮ | ૨ |
| ૧૦ | જમ્મુ અને કાશ્મીર | ૩૬૧૧૫૩ | ૩.૩૫ | ૨૬૯ | ૨૨૯ | ૪ |
| ૧૧ | ઝારખંડ | ૭૬૯૯૮૦ | ૨.૮૭ | ૫૭૪ | ૪૮૮ | ૮ |
| ૧૨ | કર્ણાટક | ૧૩૨૪૨૦૫ | ૪.૯૪ | ૯૮૮ | ૮૪૦ | ૧૪ |
| ૧૩ | કેરલા | ૭૬૧૮૪૩ | ૨.૮૪ | ૫૬૮ | ૪૮૩ | ૮ |
| ૧૪ | મધ્યપ્રદેશ | ૧૫૫૧૯૩૧ | ૫.૭૯ | ૧૧૫૮ | ૯૮૪ | ૧૭ |
| ૧૫ | મહારાષ્ટ્ર | ૨૯૬૩૩૯૨ | ૧૧.૦૫ | ૨૨૧૧ | ૧૮૭૯ | ૩૧ |
| ૧૬ | મણીપુર | ૫૪૧૧૦ | ૦.૨૦ | ૪૦ | ૩૪ | ૧ |
| ૧૭ | મેઘાલય | ૪૪૩૧૭ | ૦.૧૭ | ૩૩ | ૨૮ | ૧ |
| ૧૮ | મિઝોરમ | ૧૫૧૬૦ | ૦.૦૬ | ૧૧ | ૧૦ | ૧ |
| ૧૯ | નાગાલેંડ | ૨૯૬૩૧ | ૦.૧૧ | ૨૨ | ૧૯ | ૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૦ | ઓરિસ્સા | ૧૨૪૪૪૦૨ | ૪.૬૪ | ૯૨૮ | ૭૮૯ | ૧૪ |
| ૨૧ | પોંડીચેરી | ૩૦૧૮૯ | ૦.૧૧ | ૨૩ | ૧૯ | ૧ |
| ૨૨ | પંજાબ | ૬૫૪૦૬૩ | ૨.૪૪ | ૪૮૮ | ૪૧૫ | ૭ |
| ૨૩ | રાજસ્થાન | ૧૫૬૩૬૯૪ | ૫.૮૩ | ૧૧૬૬ | ૯૯૨ | ૧૭ |
| ૨૪ | સિક્કિમ | ૧૮૧૮૭ | ૦.૦૭ | ૧૪ | ૧૨ | ૧ |
| ૨૫ | તમિલનાડુ | ૧૧૭૯૯૬૩ | ૪.૪૦ | ૮૮૦ | ૭૪૮ | ૧૨ |
| ૨૬ | તેલંગાના | ૧૦૪૬૮૨૨ | ૩.૯૦ | ૭૮૧ | ૬૬૪ | ૧૨ |
| ૨૭ | ત્રિપુરા | ૬૪૩૪૬ | ૦.૨૪ | ૪૮ | ૪૧ | ૧ |
| ૨૮ | ઉત્તર પ્રદેશ | ૪૧૫૭૫૧૪ | ૧૫.૫૧ | ૩૧૦૧ | ૨૬૩૬ | ૪૫ |
| ૨૯ | ઉત્તરાખંડ | ૧૮૫૨૭૨ | ૦.૬૯ | ૧૩૮ | ૧૧૭ | ૨ |
| ૩૦ | પૂર્વ બંગાળ | ૨૦૧૭૪૦૫ | ૭.૫૨ | ૧૫૦૫ | ૧૨૭૯ | ૨૨ |
| ૩૧ | દિલ્હી | ૨૩૪૮૮૨ | ૦.૮૮ | ૧૭૫ | ૧૪૯ | ૩ |
| ૧ | કેન્દ્ર શાસિત પ્રદેશ ચંડીગઢ | ૧૪૭૯૬ | ૦.૦૬ | ૧૨ | ૧૦ | ૧ |
| ૨ | કેન્દ્ર શાસિત પ્રદેશ અંદામાન | ૬૬૬૦ | ૦.૦૨ | ૫ | ૪ | ૧ |
| ૩ | કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી | ૩૨૯૪ | ૦.૦૧ | ૨ | ૨ | ૧ |
| ૪ | કેન્દ્ર શાસિત પ્રદેશ દમન એન દીવ | ૨૧૯૬ | ૦.૦૧ | ૨ | ૨ | ૧ |
| ૫ | કેન્દ્ર શાસિત પ્રદેશ લક્ષ્યદીપ | ૧૬૧૫ | ૦.૦૧ | ૧ | ૧ | ૧ |
| | કૂલ | ૨૬૮૧૦૫૫૭ | ૧૦૦.૦૦ | ૨૦૦૦૦ | ૧૭૦૦૦ | ૩૦૦ |